MANOGAT • Year-39 • Issue-16 • 25 November 2020 • Kartak Sud 11, Samvat 2077 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 28





# મનોગત




## રાજ્યોની પેટાચૂંટણીઓએ ફરી એક વાર સાબિત કર્યું કે દેશમાં વિકાસ અને ભરોસાની રાજનીતિના બ્રાંડ એમ્બેસેડર શ્રી નરેન્દ્રભાઈ મોદી

**કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં કચ્છ સરહદેથી દેશમાં ‘સીમાંત ક્ષેત્ર વિકાસોત્સવ’ના શ્રી ગણેશ કરાવ્યા ત્યારની તસવીરો**

















Year : 39
Issue : 16
Pages : 28



## તંત્રીસ્થાનેથી


- વિકાસવાદ, પ્રમાણિકતા અને ઈમાનદાર નેતૃત્વનો વિજય ૪
- જનાદેશથી રાજકીય વક્રદૃષ્ટાઓનાં સૂપડાં સાફ : શ્રી અમિતભાઈ શાહ ૮
- આયુર્વેદના સેવનમાં જ માનવજાતની ભલાઈ છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી ૯
- વિચારધારા રાષ્ટ્રહિતના વિષયોમાં, રાષ્ટ્ર સાથે જોવા મળવી જોઈએ, રાષ્ટ્રની વિરુદ્ધમાં ક્યારેય નહિ ૧૦
- ભાજપામાં નેતા મેધા અને પરિશ્રમના બળ પર આગળ વધે છે - જગત પ્રકાશ નડ્ડા ૧૫
- મારી દિવાળી તો તમારી વચ્ચે આવીને જ પૂરી થાય છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી ૧૭
- એકવીસમી સદીની યુવાપેઢી પૂર્વગ્રહમુક્ત થઈ ક્લીન સ્લેટ-ક્લીન હાર્ટ સાથે ભારત માતાની વૈશ્વિક અગ્રેસરતામાં યોગદાન આપે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ૨૨
- આત્મનિર્ભર ભારત ૩.૦ ૨૩
- ૨૬ નવેમ્બર : બંધારણ દિન ૨૫


# નૂતન વર્ષાભિનંદન

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

નવું વર્ષ સૌના માટે સ્વસ્થ, સુદીર્ઘ, સરળ, સહજ અને સુંદર રહે તેવી ભગવાનને પ્રાર્થના.

ગત વર્ષથી આવેલી કોરોનાની આફતે મનુષ્યજાતિ માટે બહુ મોટી ચેલેન્જ ઊભી કરી છે. સમૃદ્ધ દેશો પણ ભયંકર પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. ભારતવર્ષમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનાં સમયસરના નિર્ણયો અને પગલાંઓથી જેમ બને તેમ ઓછું નુકસાન થાય તેવા મહત્તમ પ્રયાસો આપણી સરકારો દ્વારા થઈ રહ્યા છે. આટલી મોટી વૈશ્વિક મહામારી વચ્ચે પણ કોઈપણ ગરીબ કે મધ્યમવર્ગની સારવારમાં પૈસાનો તો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી પરંતુ વ્યવસ્થાના કારણે પણ મુશ્કેલી પડી હોય તેવું ન ક્યાંય બન્યું છે કે ન ક્યાંય સાંભળવા મળ્યું છે. જરૂર પડે પ્રાઇવેટ હૉસ્પિટલોમાં પણ સરકારના પૈસે થઈ રહેલી શ્રેષ્ઠતમ સારવારની બાબત સરકારની સૌના માટેની પ્રાથમિકતાની પારાશીશી છે.

ભાજપના કેટલાય સેવાભાવી કાર્યકર્તાઓ પણ સેવા કરતાં કરતાં આ રોગમાં સપડાયા છે. ભોગ પણ બન્યા છે. સેવા કરતાં અટકવાનું તો આપણે ક્યારેય શીખ્યા જ નથી માટે અટકીશું તો નહીં જ, પરંતુ જરા પણ સાવધાની આપણે ચૂકવાની નથી. પક્ષનાં કાર્યો પણ ગાઇડલાઇનની પૂર્ણ મર્યાદામાં રહીને જ કરવાં તે પણ મારી દૃષ્ટિએ સાચી સમાજસેવા જ છે.

આવો, આ કસોટીના સમયે ધીરજપૂર્વક હૈયામાં હામ રાખીને - સમગ્ર સમાજને હકારાત્મકતા સાથે કોરોના સામે સમજણપૂર્વક લડવા - આપણા પોતાના જ નિયમપાલનના દૃષ્ટાંત દ્વારા તૈયાર કરીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક :

સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**

**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001






# રાજ્યોની પેટાચૂંટણીઓનાં પરિણામોએ એ સ્પષ્ટ કર્યું છે કે પરિવારવાદ, જાતિવાદ, જંગલરાજ તથા તુષ્ટીકરણ ઉપર વિકાસવાદ, પ્રમાણિકતા અને ઈમાનદાર નેતૃત્વનો વિજય

**શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા કરવામાં આવતા અંત્યોદયના કાર્ય, વિકાસવાદ અને ઈમાનદાર નેતૃત્વ સ્પષ્ટ રૂપથી ગુંડારાજ, પરિવારવાદ, જાતિવાદ, જંગલરાજ તથા તુષ્ટીકરણ ઉપર હાવી રહ્યું છે**

બિહાર વિધાનસભાની ચૂંટણીની સાથે સાથે ગુજરાતની ૮ બેઠકોની પેટાચૂંટણી તથા બાકીનાં રાજ્યોની પેટા ચૂંટણીના પરિણામોએ એ વાત સ્પષ્ટ કરી દીધી કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા કરવામાં આવતા અંત્યોદયના કાર્ય, વિકાસવાદ અને ઈમાનદાર નેતૃત્વ સ્પષ્ટરૂપથી ગુંડારાજ, પરિવારવાદ, જાતિવાદ, જંગલરાજ તથા તુષ્ટીકરણ ઉપર હાવી રહ્યું છે. આ જીત સ્પષ્ટ કરે છે કે જનતાને સમર્પિત થઈને લોકઉપયોગી કામ કરીએ તો એંટી-ઈન્કંબંસી નહિ પરંતુ પ્રો-ઈન્કંબંસી પ્રજાની શાસક પાર્ટી જોડે રહે છે. દેશની જનતા હવે ક્યારેય પૂરા ન થઈ શકે એવા વાયદા આપનારી રાજકીય પાર્ટીને ઓળખી ગઈ છે અને તેમની મોટી મોટી વાતોથી ગુમરાહ થતી નથી. બિહારની ચૂંટણી એટલા માટે પણ મહત્ત્વની છે કે બિહારની જનતાએ આરજેડીના ૧૫ વર્ષના શાસનની ખરાબ કાનૂન વ્યવસ્થા, બંધ કારખાનાં, હપ્તારાજ, ફૂલેલોફાલેલો ભ્રષ્ટાચાર, બાહુબલનો ઉપયોગ તથા જંગલરાજ આ તમામને નકારીને કાયદો અને વ્યવસ્થાના રાજને, વીજળી, સડક, પાણી, સ્વાસ્થ્ય સહિત થયેલી માળખાકીય સુવિધાઓને મહત્ત્વ આપ્યું છે.

આ ચૂંટણીમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કુલ ૧૨ ચૂંટણી સભા કરી જેના શ્રીગણેશ તો ૨૩ ઓક્ટોબરે જ કરી દીધા હતા. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની ચૂંટણીસભામાં સુશાસન અને જંગલરાજના મુદ્દા ઉઠાવ્યા હતા. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના લોકોને અપીલ કરતાં ચાર પાનાંનો પત્ર લખી કહ્યું હતું કે નીતિશ સરકાર બિહારની જરૂરિયાત છે, જેથી બિહારમાં વિકાસકાર્યો ઠપ ના થઈ જાય. ડબલ એન્જિનની તાકાત જ બિહારને આવનરા દશકમાં વિકાસની નવી ઊંચાઈઓ ઉપર લઈ જઈ શકશે. આ જીત પ્રધાનમંત્રી મોદીના નિર્ણાયક નેતૃત્વ અને જનકલ્યાણકારી નીતિઓની જીત છે. ભાજપે ૧૧૦ સીટો ઉપર બિહારમાં ચૂંટણી લડીને તેમાંથી ૭૪ સીટો ઉપર વિજય મેળવ્યો છે. ભાજપના ઊભા રહેલા કુલ ઉમેદવારોમાંથી ૬૬.૪% ઉમેદવારો જીત્યા છે તે એક ઐતિહાસિક વિજય છે જેની સામે કોંગ્રેસના ઊભા રહેલા કુલ ઉમેદવારોમાંથી માત્ર ૨૭.૧% ઉમેદવારો જ જીતી શક્યા. કોવિડ મહામારી વચ્ચે પણ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની લોકપ્રિયતા ન માત્ર બરકરાર રહી છે પરંતુ તેમાં વૃદ્ધિ થઈ છે અને સામાન્ય જનજનનો વિશ્વાસ તેમના નેતૃત્વ પર વધ્યો છે.

પ્રેરક શાહ



**બિહારની ચૂંટણીએ ફરીવાર સાબિત કરી દીધું કે દેશમાં વિકાસ અને ભરોસાની રાજનીતિના કોઈ બ્રાંડ એંબેસેડર હોય તો તે નરેન્દ્રભાઈ મોદી છે**

બિહાર વિધાનસભાની ચૂંટણી ભારતીય જનતા પાર્ટી એનડીએમાં નીતિશકુમારના નેતૃત્વમાં લડી રહી હતી, પરંતુ ચૂંટણીનું પૂરેપૂરું નેતૃત્વ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જ કરી રહ્યા હતા. બિહારની ચૂંટણીએ ફરીવાર સાબિત કરી દીધું કે દેશમાં વિશ્વાસ અને ભરોસાની રાજનીતિના કોઈ બ્રાંડ એંબેસેડર હોય તો તે નરેન્દ્રભાઈ મોદી છે. બિહારની ચૂંટણીમાં ભાજપની જીત એ કોરોના સમયે શ્રીમિકો માટે સરકારે કરેલા કાર્ય પર મહોર છે. બિહારની ચૂંટણીમાં યુવા પેઢી લોકતંત્ર પ્રત્યે સારી નિષ્ઠા તથા મજબૂત લોકતંત્રમાં જ સમાન અવસર મળે તથા પોતાના અધિકારો પ્રત્યે આશ્વસ્ત રહેવાય છે તે સાબિત કર્યું છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી પરિવારવાદી પાર્ટીએ લોકતંત્ર માટે પેદા કરેલો ખતરો યુવા પેઢી સમજી ગઈ છે. યુવા, મહિલા, દલિત, વંચિત કે ખેડૂત તમામને પ્રતિભા સાથે ન્યાય ત્યારે જ મળે જ્યારે રાષ્ટ્રહિત સર્વોપરી રાખતી રાજકીય પાર્ટી શાસનમાં હોય.

**દેશનાં વિવિધ રાજ્યોમાં ૫૯ સીટોની પેટાચૂંટણી થઈ જેમાંથી ૪૧ સીટો ઉપર ભાજપના ઉમેદવારો વિજયી થયા**

દેશની તમામ રાજકીય પાર્ટીમાં ભાજપ એ જીવંત લોકતંત્રનું જીવતું જાગતું ઉદાહરણ છે. અહીં વાત માત્ર બિહાર વિધાનસભાની નથી પરંતુ દેશનાં વિવિધ રાજ્યોમાં ૫૯ સીટોની પેટાચૂંટણી થઈ જેમાંથી ૪૧ સીટો ઉપર ભાજપના ઉમેદવારો વિજયી થયા.

**કોરોના મહામારી વચ્ચે પણ ભાજપાના કાર્યકર્તાઓએ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી ભાજપાનો વિજય નિશ્ચિત બનાવ્યો, આજના આ ભવ્ય વિજયનો શ્રેય ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાના શિરે જાય છે - શ્રી વિજયભાઈ રૂપાણી**



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', ગાંધીનગર ખાતે મીડિયાના મિત્રોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં યોજાયેલી આઠ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીમાં કોરોના મહામારી કાળના સમયમાં પણ જનતાએ ઉત્સાહપૂર્વક ભાજપા તરફી મતદાન કરી આઠેય વિધાનસભા બેઠકો પર ભાજપના ઉમેદવારોને ભવ્ય વિજય અપાવ્યો છે, ત્યારે હું ગુજરાતના મતદાર ભાઈઓ અને બહેનોનો સહૃદય આભાર વ્યક્ત કરું છું. કોરોના મહામારી વચ્ચે પણ ભાજપાના કાર્યકર્તાઓએ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી ભાજપાનો વિજય નિશ્ચિત બનાવ્યો, આજના આ ભવ્ય વિજયનો શ્રેય ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાના શિરે જાય છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ભાજપાનો વિજય એ જનતાનો વિજય છે. આજનું પરિણામ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને ૨૦૨૦ની વિધાનસભાની ચૂંટણીનું ટ્રેલર છે, આગામી સમયમાં આવનારાં ચૂંટણી પરિણામોનું દિશાદર્શન છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને રાજ્યની ભાજપા સરકાર સંપૂર્ણ સમર્પણ સાથે જનહિત અને રાષ્ટ્રહિતનાં કાર્યો કરી રહી છે, જનતાનો ભાજપા ઉપરનો વિશ્વાસ અંકબંધ છે. જનતાએ આ ચૂંટણીમાં અપાવેલા ભવ્ય વિજયથી ભાજપાની વિધાનસભામાં સંખ્યાબળ વધીને ૧૧૧ થયું છે, રાજ્યના નાગરિકોએ ભારતીય જનતા પાર્ટી પર મૂકેલા વિશ્વાસને ચરિતાર્થ કરી જનતાની આશા, આકાંક્ષા, અપેક્ષા અને સપનાંઓને પરિપૂર્ણ કરવા માટે રાજ્યની ભાજપ સરકાર કટિબદ્ધ છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, કચ્છથી લઈ કપરાડા સુધી ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં આવેલી આઠ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીમાં તમામ ધર્મ, જ્ઞાતિ, સમાજના નાગરિકોએ ભાજપા પર વિશ્વાસ મૂક્યો છે જેનાથી સ્પષ્ટ છે કે, ભાજપાની વિકાસલક્ષી, રાષ્ટ્રવાદી, પ્રજાભિમુખ વિચારધારાને જનતાનો સંપૂર્ણ ટેકો છે. આ ચૂંટણીમાં કોંગ્રેસનો સંપૂર્ણ રકાસ થયો છે, પ્રજાએ કોંગ્રેસને જાકારો આપ્યો છે, જનતાએ કોંગ્રેસને નકારી કાઢી છે, કોંગ્રેસનાં તમામ ષડયંત્રો નિષ્ફળ નીવડ્યા છે. ગુજરાત ભાજપાનો ગઢ હતો, આજે પણ છે આગળ પણ ભાજપાનો જ ગઢ રહેશે, ગુજરાતની જનતાના આશીર્વાદ ભાજપા સાથે છે.



ગુજરાતમાં આઠમાંથી આઠ સીટો ભાજપાએ જીતીને ભાજપનો વિજય ધ્વજ ગુજરાતમાં લહેરાવ્યો. ગુજરાતની જનતાએ જ્ઞાતિ-જાતિનાં પરિમાણોને જાકારો આપી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની સરકાર દ્વારા કરવામાં આવતા પ્રજાહિતનાં વિકાસકાર્યોને મતદારોએ વધાવ્યાં છે અને વખાણ્યાં છે જેનો સીધો પડઘો આ રીઝલ્ટમાં જોવા મળ્યો છે.

**પેટાચૂંટણીનાં પરિણામો આવનારી કોર્પોરેશન, જિલ્લા તથા તાલુકા પંચાયતની ચૂંટણીનું ટ્રેલર છે જે ૨૦૨૨ વિધાનસભા સુધી જીત અપાવશે**

ગુજરાતના તમામ સમાજોએ વિકાસની રાજનીતિને ખોબલે ખોબલે વધાવી છે. કોંગ્રેસ દ્વારા આ ચૂંટણીમાં જ્ઞાતિવાદી રાજકારણ રમવાની કોશિશ થઈ હતી પરંતુ મતદારોએ સ્વાસ્થ્ય, શિક્ષણ, સુખાકારી, માળખાકીય સુવિધાઓ અને જનસુખાકારીની યોજનાઓમાં સદા અગ્રેસર રહેતી ગુજરાત સરકારની યોજનાઓ ઉપર મહોર મારી છે. એક રીતે કહીએ તો આ પેટાચૂંટણીનાં પરિણામો આવનારા કોર્પોરેશન, જિલ્લા તથા તાલુકા પંચાયતની ચૂંટણીનું ટ્રેલર છે જે ૨૦૨૨ વિધાનસભા સુધી જીત અપાવશે. ભાજપનું સંગઠન પણ સુખદુ:ખમાં હંમેશા પ્રજા વચ્ચે રહીને પ્રજાની સેવા જ કરતું રહ્યું છે. આ ચૂંટણીનાં પરિણામો તેનું પ્રતિબિંબ છે. કેટલીક જગ્યાએ તો કોંગ્રેસ ત્રીજા નંબરની પાર્ટી બનીને ઊભરી આવી છે. જ્યાં ભાજપના ઉમેદવારને સૌથી ઓછી લીડ મળી તે મોરબી સીટમાં પણ ભાજપના ઉમેદવાર ૪૬૪૯ મતથી વિજયી બન્યા છે. મધ્યપ્રદેશમાં પણ ભાજપે ૨૮ સીટોમાંથી ૧૯ સીટો ઉપર જીત મેળવી છે. સાથે સાથે ઉત્તરપ્રદેશમાં જ્યાં કોંગ્રેસ દ્વારા નિમ્ન કક્ષાની રાજનીતિ હાથરસની ઘટનામાં કરવામાં આવી હતી ત્યાં પણ સાત વિધાનસભાની સીટોમાંથી ભાજપે છ સીટો ઉપર વિજય મેળવ્યો છે જે બતાવે છે કે પ્રજાને વિકાસ જોઈએ છે, તુચ્છ અને નિમ્નકક્ષાની રાજનીતિ નહિ. કર્ણાટકની બંને સીટો ઉપર ભાજપાને જનતાના આશીર્વાદ પ્રાપ્ત થયા છે. તેલંગાણામાં પણ કમળ ખીલ્યું તો સાથે પૂર્વોત્તરના રાજ્ય મણિપુરમાં કોંગ્રેસના ધારાસભ્યોનાં રાજીનામાં આપવાના કારણે આવેલી ચાર સીટની પેટાચૂંટણીમાં ભાજપ ચારેય સીટો જીતી ગયું. સાથે સાથે ભાજપે લદ્દાખ સ્વાયત્ત પહાડી વિકાસ પરિષદની ચૂંટણીમાં પણ ૨૬માંથી ૧૫ બેઠકો જીતી લીધી છે. કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલીના સિલવાસા નગર વિકાસની ચૂંટણીમાં પણ ભાજપે ૧૫માંથી ૧૧ બેઠકો પર ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો છે. સમગ્ર ચૂંટણીનું આકલન કરતાં સ્પષ્ટ થાય છે કે રાષ્ટ્રની જનતાએ ફરી એકવાર સ્પષ્ટ કરી દીધું કે નરેન્દ્ર મોદીની સરકાર દ્વારા કરવામાં આવતા


**રાજ્યના નાગરિકોના ભાજપા પરના અતૂટ વિશ્વાસ અને ભાજપા સંગઠન અને કાર્યકર્તાઓની બુથ સુધીની અસરકારક ચૂંટણીલક્ષી વ્યવસ્થાના કારણે ભાજપાને આઠેય બેઠકો પર ભવ્ય વિજય હાંસલ કરવામાં સફળતા મળી છે**
**- શ્રી સી.આર.પાટીલ**



ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, રાજ્યના નાગરીકોના ભાજપા પરના અતૂટ વિશ્વાસ અને ભાજપા સંગઠન અને કાર્યકર્તાઓની બુથ સુધીની અસરકારક ચૂંટણીલક્ષી વ્યવસ્થાના કારણે ભાજપાને આઠેય બેઠકો પર ભવ્ય વિજય હાંસલ કરવામાં સફળતા મળી છે. જનતાનો ભાજપા પર વિશ્વાસ વ્યક્ત કરવા બદલ આભાર વ્યક્ત કરું છું. કાર્યકર્તાઓએ અથાક પરિશ્રમ કરીને આ સફળતામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે. જનતાને ગેરમાર્ગે દોરનારી ટ્વિટ કરનારી કોં ગ્રેસની નકારાત્મક ટ્વિટી જમાતને જનતાએ ચૂંટણીમાં જવાબ આપી દીધો છે.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં જનહિતમાં કાર્યરત વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીને સરળતાથી મળે તે પ્રકારની વ્યવસ્થા અમલમાં મુકાઈ છે તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યની ભાજપા સરકાર દ્વારા કરાયેલ લોકોપયોગી કાર્યો અને જનકલ્યાણકારી યોજનાઓના કારણે જનતાનો ભાજપા પરનો વિશ્વાસ વધુ સુદૃઢ બન્યો છે. જનતાને ચૂંટણીમાં ગેરમાર્ગે દોરી જૂઠો અને ભ્રામક અપપ્રચાર કરનારી કોં ગ્રેસને જનતાએ કોરોના સંક્રમણના સમયમાં પણ ભાજપ તરફી ઊંચું મતદાન કરીને સાફ કરી દીધી છે.

પ્રશાંત વાળા







વિકાસ ઉપર તેને પૂર્ણ ભરોસો છે. સૌનો સાથ - સૌનો વિકાસ - સૌનો વિશ્વાસ એ નરેન્દ્રભાઈ મોદીની ઓળખ બની ચૂકી છે એટલે જ બીજેપી વર્તમાનમાં દુનિયાની સૌથી મોટી પાર્ટી બની ચૂકી છે. બિહારથી નીકળેલો ભાજપનો વિજયરથ આવતા વર્ષે પશ્ચિમ બંગાળમાં પણ ધ્વજ લહેરાવશે તે નક્કી જ છે. એક તરફ વિપક્ષમાં નેતા, નીતિ, નેતૃત્વનો અભાવ છે, રાષ્ટ્રવિરોધી બયાનો તેમની ઓળખ બની ચૂક્યા છે. જ્યારે બીજી તરફ નરેન્દ્ર મોદી એટલે શુચિતા, જન જન સાથે સંવાદ, કર્મઠ નેતા, અડગ નેતૃત્વ, ગરીબ કલ્યાણનીતિઓ, પ્રખર રાષ્ટ્રવાદ અને વિકાસ પ્રત્યે સમર્પણ આ ઓળખ બની ગઈ છે.

**ચાવાળાથી દેશના ચોકીદાર સુધીની યાત્રા અને પ્રધાનમંત્રીમાં જ 'પ્રધાનસેવક'નો ભાવ તેમની કર્તવ્યપરાયણતાનું ઉદાહરણ છે**


પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી એક તરફ અંત્યોદયના પ્રતીક છે તો બીજી તરફ ગરીબ લોકોની આશાનું કિરણ છે. તેમની ઉપસ્થિતિમાં દેશની જનતાને જનાર્દન હોવાની અનુભૂતિ કરાવે છે. ભારતીય લોકતંત્રમાં ભ્રષ્ટાચાર, પરિવારવાદ, જાતિવાદ, પ્રાંતવાદ તથા સામંતી વિચારથી મુક્તિ મળ્યાનો અહેસાસ કરાવે છે. ચાવાળાથી દેશના ચોકીદાર સુધીની યાત્રા અને પ્રધાનમંત્રીમાં જ 'પ્રધાનસેવક'નો ભાવ તેમની કર્તવ્યપરાયણતાનું ઉદાહરણ છે. ન માત્ર ભારતમાં પણ વિશ્વમાં અલગ અલગ મંચ ઉપર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની કુશળ રણનીતિનો અવાજ સાંભળવા મળે છે. આજે ભારત આર્થિક, સામરિક, સાંસ્કૃતિક, તકનીકી તથા સંરક્ષણમાં સુદ્રઢ તથા સમૃદ્ધ થઈ રહ્યું છે, તો તેનું શ્રેય પણ નિશ્ચિતરૂપથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે. તેઓ પોતાનું જીવન વ્યક્તિગત નહીં પરંતુ રાષ્ટ્રનું જ માને છે તથા સમગ્ર જીવન રાષ્ટ્રને સમર્પિત કરી મા-ભારતીને પરમવૈભવે પહોંચાડવાના લક્ષ્યને લઈને જ આગળ વધી રહ્યા છે. તેઓ એક ભારત-શ્રેષ્ઠ ભારતના શિલ્પકાર છે સાથે સાથે સમગ્ર દેશમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ 'સેવા હી સંગઠન'ને ધર્મ બનાવી લોકોની વચ્ચે જઈને જરૂરિયાતમંદ લોકો સુધી મદદ પહોંચાડી છે. પોતાની જાનની પરવા કર્યા વગર માનવસેવા કરી ત્યારે લોકોની વચ્ચે સ્પષ્ટ સંદેશ ગયો કે ગમે તેવી વિકટ પરિસ્થિતિ આવે પરંતુ ભાજપ સરકાર અને ભાજપનું સંગઠન હરહંમેશ જનતાની સાથે છે અને જનતા જનાર્દનને સમર્પિત છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે એકબીજાને મોં મીઠું કરાવી ભાજપાના વિજયને આવકાર્યો હતો. આ તકે પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયા,રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી પ્રદીપસિંહ જાડેજા, શ્રી કુંવરજીભાઈ બાવળિયા,પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી કે.સી.પટેલ, શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રીઓ આઈ.કે.જાડેજા, શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ સહિતના આગેવાનશ્રીઓ અને અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિધાનસભા પેટાચૂંટણીનાં પરિણામોમાં ભાજપાનો ભવ્ય વિજય થયો છે ત્યારે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ગાંધીનગર ખાતે ભાજપાના કાર્યકર્તાઓએ ભારે હર્ષોલ્લાસ સાથે વિજયોત્સવ મનાવ્યો હતો. ઢોલ, નગારાં, ત્રાંસા વગાડી ભાજપાના વિજયને કાર્યકર્તાઓ દ્વારા વધાવી લેવામાં આવ્યો હતો.

•





**કેન્દ્રીય ગૃહમંત્રીએ કચ્છની સરહદેથી દેશમાં 'સીમાંત ક્ષેત્ર વિકાસોત્સવ'ના શ્રીગણેશ કરાવ્યા**

# જનાદેશથી રાજકીય વક્રદૃષ્ટાઓનાં સૂપડાં સાફ : શ્રી અમિતભાઈ શાહ


દેશના પ્રથમ સીમાંત ક્ષેત્ર વિકાસોત્સવના કચ્છની ભૂમિ પરથી શ્રી ગણેશ કરાવતાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, અગાઉ માત્ર ડિપ્લોમેટિક નિવેદનો કરતાં હતાં, જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે સર્જિકલ સ્ટ્રાઈક કરીને દુશ્મનોના ઘરમાં ઘૂસીને સરહદ પારના જવાબ આપ્યા છે. કાશ્મીર પુલવામા જેવા સીમાડાઓમાં કાર્યવાહી કરવામાં આવી છે. કેન્દ્ર સરકારની લડાઈમાં ૧૩૫ કરોડ દેશવાસીઓ જોડાતા હોય છે. દેશની સુરક્ષાની બાબત હોય ત્યારે અને ચૂંટણીઓ હોય ત્યારે પણ જનાદેશ મળી જાય છે. અમુક રાજકીય વક્રદૃષ્ટા માત્ર નકારાત્મક માહોલ ઊભો કરવાના સતત પ્રયાસો કરે છે. પણ જનાદેશમાં તેમનાં સૂપડાં સાફ થઈ જાય છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે, આપણા દેશની આંતરરાષ્ટ્રીય સરહદો નજીકનાં ગામોમાં મહાનગરો જેવો વિકાસ પહોંચે અને ગ્રામીણ તથા છેવાડાનાં ગામોમાંથી વિકાસના અભાવે પલાયનવાદ અટકે, સરહદી સુરક્ષા સજ્જ રહે તે માટે ભારતની તમામ સરહદો પર સીમાવર્તી વિકાસોત્સવ હવે અહર્નિશ રહેશે. દેશ અને રાજ્યની સરહદો માતાની સાડીના પાલવ જેવી હોય છે. તેની રક્ષા કરવી તે દરેક નાગરિકનો પ્રાથમિક ધર્મ છે. સીમાવર્તી ગામોમાં રહેતા ગ્રામીણ જન પણ સરહદી સુરક્ષાને પોતાની ફરજ ગણે અને પંખી પણ ફરકી ન શકે તેમ સીમાડાને અભેદ બનાવે તેવો રણટંકાર પણ તેમણે કર્યો હતો. કેન્દ્રની નરેન્દ્રભાઈ મોદી સરકારે હવે સીમાનાં ગામોમાં પણ મહાનગરો જેવી સુવિધા મળી રહે તે માટે બીડું ઝડપ્યું છે અને સીમાંત ક્ષેત્ર વિકાસોત્સવ - ૨૦૨૦થી સરહદી ગામોમાં વિકાસના આયામોના કાર્યક્રમોનાં ઐતિહાસિક મંડાણ કચ્છથી કર્યાં હતાં. આગામી સમયમાં દરેક રાજ્યની આંતરરાષ્ટ્રીય સરહદનાં ગામોના વિસ્તારોમાં પાણી, શિક્ષણ, આરોગ્ય, રસ્તા તથા ખાસ કરીને બીએસએસ સહિતની સુરક્ષા એજન્સીના જવાનોની સુવિધાઓના વિવિધ મુદ્દાઓને આવરી લઈને સીમાંત વિકાસોત્સવ યોજાશે અને તેમાં વડાપ્રધાન અને પોતે પણ હાજર રહેશે તેમ શ્રી અમિતભાઈ શાહે ભારપૂર્વક જણાવ્યું હતું. ભુજ તાલુકાના ધોરડો પાસે આવેલા સફેદ રણમાં સરહદી જિલ્લા કચ્છ, બનાસકાંઠા અને પાટણ જિલ્લાનાં સરહદી ૧૫૮ ગામોના ૧૫૦૦ સરપંચો અને આગેવાનો સાથે કેન્દ્રીય ગૃહમંત્રી ઉપરાંત ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ સરહદી વિકાસના સંવાદમાં ખાતરી આપી હતી કે, હવે સીમા વિસ્તારમાં રહેતા ગ્રામીણ લોકોને સુવિધાના અભાવે ગામ છોડવું નહીં પડે અને તે દેશના તમામ ભાગોમાં લાગુ પડશે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે તેમના સંબોધનની શરૂઆતમાં આશાપુરા અને સરહદના કાળા ડુંગર પર બેઠેલા ભગવાન દત્તાત્રેયની વંદના કરી હતી. મા આશાપુરા કચ્છ અને દેશની સલામતી સુરક્ષિત રાખતી હોવાના આશીર્વાદ હોવાનું પણ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સીમાના વિકાસની ચિંતા કરતા હતા. ગુજરાતની સરહદ પાકિસ્તાન સાથે જોડાયેલી હોવાના કારણે તેનું અલગ મહત્ત્વ છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર સરહદી ગામોમાં સુવિધાઓનો ધોધ વહેવડાવવા માટે કટિબદ્ધ છે. આ માટે જ આગામી સમયમાં વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક કચ્છની સરહદે બનવાનો છે. ૩૦ હજાર મેગાવોટનું ઉત્પાદન આ સરહદી વિસ્તારના એનર્જી પાર્કમાંથી થશે, જેનું ઉદ્‌ઘાટન કરવા ખુદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આવી રહ્યા છે. માંડવી પાસે ડિસેલિનેશન પ્લાન્ટનું ભૂમિપૂજન પણ તેમના દ્વારા થશે અને લખપત સુધી પાણી પહોંચાડી શકાશે.

●



**ધન્વંતરિ જયંતીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જામનગર સ્થિત ITRA સંસ્થાને "રાષ્ટ્રીય મહત્ત્વના સંસ્થાન" તરીકે જાહેર કરતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી**



# આયુર્વેદના સેવનમાં જ માનવજાતની ભલાઈ છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધન્વંતરિ જયંતી/રાષ્ટ્રીય આર્યુવેદિક દિવસે ગુજરાતને આયુર્વેદ ઉપચાર, શિક્ષણ અને શોધ-સંશોધન ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત કરતી મહત્ત્વની ભેટ આપી હતી. ધન્વંતરિ જયંતીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જામનગર સ્થિત ITRA સંસ્થાને "રાષ્ટ્રીય મહત્ત્વના સંસ્થાન" તરીકે જાહેર કરતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિને ભારતનો વારસો ગણાવી સ્પષ્ટપણે કહ્યું હતું કે, આયુર્વેદના સેવનમાં જ માનવજાતની ભલાઈ છે. કોવિડ – ૧૯ મહામારીના સમયમાં ભારતનું આ પારંપરિક આરોગ્યલક્ષી જ્ઞાન અન્ય દેશોને પણ મદદકર્તા સાબિત થઈ રહ્યું છે, જેના કારણે સમગ્ર વિશ્વમાંથી આયુર્વેદ ચિકિત્સાને સમર્થન સાંપડી રહ્યું છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસીન માટે સમગ્ર દુનિયામાંથી ભારતની પસંદગી કરવા બદલ વડાપ્રધાનશ્રી મોદીએ સંસ્થાના મહાનિર્દેશકશ્રી ટેડ રોસ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ભારત પાસે આરોગ્ય સાથે જોડાયેલી આયુર્વેદ રૂપી બહુ મોટી વિરાસત છે. આ જ્ઞાન વધુ શાસ્ત્ર-પુસ્તકોમાં જ રહ્યું છે. આ જ્ઞાનને આધુનિક આવશ્યકતા મુજબ વિકસીત કરવું અતિ આવશ્યક છે અને તેથી જ ૨૧મી સદીમાં આધુનિક વિજ્ઞાન સાથે આ જ્ઞાનને જોડવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય હાથ ધરાયું છે.

વડાપ્રધાનશ્રીએ કોરોનાના ઉપચાર માટે તબીબી જગતની તમામ ઉપલબ્ધ પદ્ધતિઓનો સમન્વય થઈ રહ્યો હોવાનું જણાવતાં કહ્યું હતું કે, આયુષ મંત્રાલય આજે રાષ્ટ્રીય આરોગ્ય નીતિનું મહત્ત્વનું અંગ સાબિત થઈ રહ્યું છે, અને ભારતમાં પૌરાણિક અને આધુનિક તબીબી જગતનો સમન્વય થઈ રહ્યો છે. દેશમાં કાર્યરત વેલનેસ સેન્ટર પૈકી સાડા બાર હજાર સેન્ટર માત્ર આયુર્વેદ ચિકિત્સા પર આધારિત છે. સમગ્ર ભારતમાં કોરોના અંકુશમાં છે, તેમાં આયુર્વેદનો મોટો ફાળો હોવાનું પણ વડાપ્રધાનશ્રીએ સ્વીકાર્યું હતું.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, ભારતની નવી શિક્ષણનીતિમાં પણ આરોગ્ય ચિકિત્સાઓમાં આયુર્વેદ પદ્ધતિનો વધુ વ્યાપ થાય તે હેતુથી એલોપથીનો અભ્યાસ કરતા ચિકિત્સકો માટે પણ આયુર્વેદનું જ્ઞાન અને આયુર્વેદના ચિકિત્સકોને પણ એલોપથીનું જ્ઞાન આપવામાં આવશે. સસ્તી અને પ્રભાવી ચિકિત્સા સાથે



પ્રિવેન્ટિવ હેલ્થ કેર અને વેલનેસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી ભારત વિશ્વ માટે વેલનેસનું કેન્દ્ર બનશે. કોરોના કાળમાં ભારતની આયુર્વેદ પદ્ધતિનો વિશ્વમાં પ્રભાવ વધ્યો છે, આયુર્વેદની દવાઓની નિકાસમાં વધારો થયો છે, આજે અનેક દેશો હળદર, આદુ વગેરે જેવા ઔષધીય ગુણો ધરાવતા મસાલાઓની પણ ભારત પાસેથી વધુ પ્રમાણમાં આયાત કરી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ  જણાવ્યું હતું કે, દૈવીશક્તિ અને આસુરી શક્તિ દ્વારા સમુદ્રમંથન કરાયું હતું જેમાંથી લોકોનાં દુઃખ દૂર કરવા જેવી રીતે ભગવાન ધન્વંતરિનું અવતરણ થયું હતું. તેવી જ રીતે ધન્વંતરિ દિને આજે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રીસર્ચ ઈન આયુર્વેદ (ITRA) સંસ્થાનું પણ અવતરણ થયું છે. જે જનસામાન્યની આરોગ્ય સુખાકારી માટે મહત્ત્વપૂર્ણ બની રહેશે.





**જેએનયુ કેમ્પસમાં મૂકવામાં આવેલી સ્વામી વિવેકાનંદજીની આ પ્રતિમા રાષ્ટ્ર-નિર્માણ, રાષ્ટ્ર-પ્રેમ અને રાષ્ટ્ર-જાગરણ પ્રત્યે અહીંયાં આવનાર પ્રત્યેક યુવાનને પ્રેરિત કરતી રહે**

# વિચારધારા રાષ્ટ્રહિતના વિષયોમાં, રાષ્ટ્ર સાથે જોવા મળવી જોઈએ, રાષ્ટ્રની વિરુદ્ધમાં ક્યારેય નહિ

**મારી અભિલાષા છે કે જેએનયુમાં મૂકવામાં આવેલ સ્વામીજીની આ પ્રતિમા આપ સૌને પ્રેરિત કરે, ઊર્જાથી ભરી દે**

હું શરૂઆતમાં જ તમામ નવયુવાનો પાસેથી એક નારો બોલવા માટેનો આગ્રહ કરીશ, તમે જરૂરથી મારી સાથે બોલજો – હું કહીશ, સ્વામી વિવેકાનંદ – તમે કહેજો, અમર રહે, અમર રહે.

સ્વામી વિવેકાનંદ – અમર રહે, અમર રહે. સ્વામી વિવેકાનંદ – અમર રહે, અમર રહે.


દેશના શિક્ષણમંત્રી ડૉ. રમેશ પોખરિયાલ નિશંકજી, જેએનયુના ઉપ કુલપતિ પ્રોફેસર જગદીશ કુમારજી, પ્રો વાઈસ ચાન્સેલર પ્રોફેસર આર. પી. સિંહજી, આજના આ અવસરને સાકાર કરનાર જેએનયુના પૂર્વ વિદ્યાર્થી ડૉ. મનોજ કુમારજી, મૂર્તિકાર શ્રી નરેશ કુમાવતજી, જુદાં-જુદાં સ્થાનો પરથી જોડાયેલા ફેકલ્ટી સભ્યો અને વિશાળ સંખ્યામાં આ કાર્યક્રમ સાથે જોડાયેલા મારા તમામ યુવા સાથીઓ. હું જેએનયુ વહીવટી તંત્ર, તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓને આ મહત્ત્વપૂર્ણ અવસર પર ખૂબ અભિનંદન આપું છું.

સાથીઓ, સ્વામી વિવેકાનંદ કહેતા હતા – મારી અભિલાષા છે કે જેએનયુમાં મૂકવામાં આવેલ સ્વામીજીની આ પ્રતિમા આપ સૌને પ્રેરિત કરે, ઊર્જાથી ભરી દે, જેને સ્વામી વિવેકાનંદ દરેક વ્યક્તિમાં જોવા માંગતા હતા. આ પ્રતિમા તે કરુણાભાવ શીખવાડે, અનુકંપા શીખવાડે, કે જે સ્વામીજીના તત્ત્વજ્ઞાનનો મૂળ આધાર છે.

આ પ્રતિમા આપણને રાષ્ટ્ર પ્રત્યે અગાધ સમર્પણ શીખવાડે, પ્રેમ શીખવાડે, આપણા દેશ માટે તીવ્ર લાગણી શીખવાડે કે જે સ્વામીજીના જીવનનો સર્વોચ્ચ સંદેશ છે. આ પ્રતિમા દેશને એકતાની દૃષ્ટિ માટે પ્રેરિત કરે, જે સ્વામીજીના ચિંતનની પ્રેરણા રહી છે. આ પ્રતિમા દેશને યુવા સંચાલિત વિકાસના દ્રષ્ટિકોણ સાથે આગળ વધવા માટે પ્રેરિત કરે, કે જે સ્વામીજીની અપેક્ષા રહી છે. આ પ્રતિમા આપણને સ્વામીજીના સશક્ત સમૃદ્ધ ભારતના સપનાને સાકાર કરવાની પ્રેરણા આપતી રહે.

**આ માત્ર એક પ્રતિમા જ નથી પરંતુ આ એ વિચારની ઊંચાઈનું પ્રતીક છે**

સાથીઓ, આ માત્ર એક પ્રતિમા જ નથી પરંતુ આ એ વિચારની ઊંચાઈનું પ્રતીક છે જેના બળ પર એક સંન્યાસીએ સંપૂર્ણ વિશ્વને ભારતનો પરિચય કરાવ્યો હતો. તેમની પાસે વેદાંતનું અગાધ જ્ઞાન હતું. તેમની પાસે એક વિઝન હતું.



તેઓ જાણતા હતા કે ભારત દુનિયાને શું આપી શકે છે. તેઓ ભારતના વિશ્વ બંધુત્વના સંદેશને લઈને દુનિયામાં ગયા. ભારતના સાંસ્કૃતિક વૈભવને, વિચારોને, પરંપરાઓને તેમણે વિશ્વની સામે રાખ્યાં. ગૌરવપૂર્ણ રીતે પ્રસ્તુત કર્યાં.

તમે વિચારી શકો છો કે જ્યારે ચારે બાજુ નિરાશા હતી, હતાશા હતી, ગુલામીના બોજ હેઠળ આપણે બધા દબાયેલા હતા, તે વખતે સ્વામીજીએ અમેરિકાની મિશિગન યુનિવર્સિટીમાં કહ્યું હતું, અને આ ગઈ શતાબ્દીના પ્રારંભમાં કહ્યું હતું. તેમણે શું કહ્યું હતું? મિશિગન યુનિવર્સિટીમાં ભારતનો એક સંન્યાસી ઘોષણા પણ કરે છે, તત્ત્વજ્ઞાન પણ શીખવાડે છે.

તેઓ કહે છે – આ શતાબ્દી તમારી છે. એટલે કે પાછલી શતાબ્દીના પ્રારંભમાં તેમના આ શબ્દો છે – "આ શતાબ્દી તમારી છે, પરંતુ ૨૧ મી સદી નિશ્ચિતપણે ભારતની જ હશે." ગઈ શતાબ્દીમાં તેમના આ શબ્દો સાચા પડ્યા છે, આ સદીમાં તેમના શબ્દોને સાચા કરવા એ આપણા બધાની જવાબદારી છે.

**આ પ્રતિમા તે જ્યોતિપુંજનું દર્શન છે કે જેણે ગુલામીના લાંબા કાળખંડમાં પોતાની જાતને, પોતાના સામર્થ્યને, પોતાની ઓળખને ભૂલી રહેલા ભારતને જગાડ્યું હતું, જગાડવાનું કામ કર્યું હતું**

ભારતીયોના તે જ આત્મવિશ્વાસ, તે જ જુસ્સાને આ પ્રતિમાએ સમેટીને રાખ્યો છે. આ પ્રતિમા તે જ્યોતિપુંજનું દર્શન છે કે જેના ગુલામીના લાંબા કાળખંડમાં પોતાની જાતને, પોતાના સામર્થ્યને, પોતાની ઓળખને ભૂલી રહેલા ભારતને જગાડ્યું હતું, જગાડવાનું કામ કર્યું હતું. ભારતમાં નવી ચેતનાનો સંચાર કર્યો હતો.

સાથીઓ, આજે દેશ આત્મનિર્ભર ભારતના લક્ષ્ય અને સંકલ્પની સાથે આગળ વધી રહ્યો છે. આજે આત્મનિર્ભર ભારતનો વિચાર ૧૩૦ કરોડથી વધુ ભારતીયોની સંયુક્ત ચેતનાનો, આપણી મહત્ત્વાકાંક્ષાનો હિસ્સો બની ગયો છે. જ્યારે આપણે આત્મનિર્ભર ભારતની વાત કરીએ છીએ તો લક્ષ્ય માત્ર શારીરિક અથવા ભૌતિક આત્મનિર્ભરતા સુધી જ સીમિત નથી રહેતું. આત્મનિર્ભરનો અર્થ પણ વ્યાપક છે, સીમા પણ વ્યાપક છે, તેમાં ઊંડાણ પણ છે, તેમાં ઊંચાઈ પણ છે. આત્મનિર્ભર રાષ્ટ્ર ત્યારે જ બને છે જ્યારે સંસાધનોની સાથે-સાથે વિચારધારા અને સંસ્કારોમાં પણ તે આત્મનિર્ભર બને.

**તમારી સંસ્કૃતિમાં એક દરજી જેન્ટલમેન બનાવે છે, પરંતુ અમારી સંસ્કૃતિમાં ચરિત્ર નક્કી કરે છે કે કોણ જેન્ટલમેન છે**

વિદેશમાં એક વાર કોઈએ સ્વામીજીને પૂછ્યું હતું, કે, તમે આવો પહેરવેશ કેમ ધારણ નથી કરતા જેનાથી તમે જેન્ટલમેન પણ લાગો? તે અંગે સ્વામીજીએ જે જવાબ આપ્યો તે ભારતના આત્મવિશ્વાસ, ભારતનાં મૂલ્યોના ઊંડાણને દર્શાવે છે. ખૂબ જ વિનમ્રતા સાથે તે સજ્જનને સ્વામીજીએ જવાબ આપ્યો કે – તમારી સંસ્કૃતિમાં એક દરજી જેન્ટલમેન બનાવે છે, પરંતુ અમારી સંસ્કૃતિમાં ચરિત્ર નક્કી કરે છે કે કોણ જેન્ટલમેન છે. આત્મનિર્ભર વિચારધારા અને સંસ્કારોનું નિર્માણ આ કેમ્પસ કરે છે, તમારા જેવા યુવાન સાથીઓ બનાવે છે.

**ભારત ૨૧મી સદીમાં વિશ્વમાં શું યોગદાન આપશે તેના માટે નવીનીકરણ, સંશોધન કરવું એ આપણા બધાની જવાબદારી છે**

સાથીઓ, દેશનો યુવાન જ વિશ્વભરમાં બ્રાન્ડ ઇન્ડિયાનો બ્રાન્ડ એમ્બેસેડર છે. આપણા યુવા ભારતની સંસ્કૃતિ અને પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે. એટલા માટે તમારી પાસેથી અપેક્ષા હજારો વર્ષોથી ચાલતી આવેલી ભારતની પુરાતન ઓળખ પર ગર્વ કરવા માટેની જ નથી પરંતુ ૨૧ મી સદીમાં ભારતની નવી ઓળખ સ્થાપિત કરવાની પણ છે. ભૂતકાળમાં આપણે વિશ્વને શું આપ્યું તે યાદ રાખવું અને તે જણાવવું એ આપણા આત્મવિશ્વાસને વધારે છે. આ જ આત્મવિશ્વાસના બળ પર આપણે ભવિષ્ય પર કામ કરવાનું છે. ભારત ૨૧ મી સદીમાં વિશ્વમાં શું યોગદાન આપશે તેના માટે નવીનીકરણ, સંશોધન કરવું એ આપણા બધાની જવાબદારી છે.

**જ્યારે જ્યારે ભારતનું સામર્થ્ય વધ્યું છે, ત્યારે ત્યારે તેનાથી વિશ્વને લાભ પહોંચ્યો છે**

સાથીઓ, આપણા યુવા સાથીઓ કે જેઓ દેશની નીતિ અને આયોજનની મહત્ત્વની કડી છે, તેમના મનમાં એ પ્રશ્ન જરૂરથી ઊભો થતો હશે કે ભારતની આત્મનિર્ભરતાનો અર્થ શું પોતાનામાં જ રચ્યાપચ્યા રહેવાનો છે, પોતાનામાં જ મગ્ન રહેવાનો છે કે શું? તો તેનો જવાબ પણ આપણને સ્વામી વિવેકાનંદના વિચારોમાં મળશે. સ્વામીજીને એકવાર કોઈએ પૂછ્યું કે શું





સંતોએ પોતાના જ દેશ કરતાં બધા દેશોને પોતાના ના માનવા જોઈએ? તેના જવાબમાં સ્વામીજીએ સહજ રીતે જ જવાબ આપ્યો કે જે વ્યક્તિ પોતાની માતાને સ્નેહ અને સહારો ના આપી શકે તે બીજાઓની માતાની ચિંતા કઈ રીતે કરી શકે છે? એટલા માટે આપણી આત્મનિર્ભરતા સંપૂર્ણ માનવતા માટે ભલે છે જ અને આપણે તે કરીને પણ બતાવી રહ્યા છીએ. જ્યારે જ્યારે ભારતનું સામર્થ્ય વધ્યું છે, ત્યારે ત્યારે તેનાથી વિશ્વને લાભ પહોંચ્યો છે. ભારતની આત્મનિર્ભરતામાં " आत्मवत् सर्व-भूतेषु"ની ભાવના જોડાયેલી છે, સંપૂર્ણ સંસારના કલ્યાણની વિચારધારા જોડાયેલી છે.

સાથીઓ, આજે દરેક ક્ષેત્રમાં કરવામાં આવી રહેલા અભૂતપૂર્વ સુધારા આત્મનિર્ભરતાની ભાવના દ્વારા કરવામાં આવી રહ્યા છે. દેશની જનતાએ વોટના માધ્યમથી આ સુધારાઓને સમર્થન પણ આપ્યું છે. આપ સૌ તો જેએનયુમાં ભારતની સામાજિક અને રાજનૈતિક વ્યવસ્થાનું ગંભીરતા સાથે વિશ્લેષણ કરો છો. તમારાથી વધુ સારું કોણ જાણે છે કે ભારતમાં સુધારાઓને લઈને કેવી કેવી વાતો ચાલતી રહેતી હતી. શું તે સત્ય નથી કે શું ભારતમાં સારા સુધારાઓને ખરાબ રાજકારણ નહોતું માનવામાં આવતું? તો પછી સારા સુધારાઓ સારા રાજકારણમાં કેવી રીતે બદલાઈ ગયા?


**આજે સિસ્ટમમાં જેટલા પણ સુધારાઓ કરવામાં આવી રહ્યા છે, તેની પાછળ ભારતને દરેક રીતે વધુ સારો બનાવવાનો સંકલ્પ રહેલો છે**

તેને લઈને તમે જેએનયુના સાથીઓ જરૂરથી સંશોધન કરજો. પરંતુ અનુભવના આધાર પર હું એક પાસું તમારી સામે જરૂરથી મૂકીશ. આજે સિસ્ટમમાં જેટલા પણ સુધારાઓ કરવામાં આવી રહ્યા છે, તેની પાછળ ભારતને દરેક રીતે વધુ સારો બનાવવાનો સંકલ્પ રહેલો છે. આજે થઈ રહેલા સુધારાઓની સાથે નિયત અને નિષ્ઠા પવિત્ર છે. આજે જે સુધારાઓ કરવામાં આવી રહ્યા છે, તેનાથી પહેલાં એક સુરક્ષા-કવચ તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ કવચનો સૌથી મોટો આધાર છે – વિશ્વાસ, ભરોસો. હવે જેમ કે ખેડૂતો માટેના સુધારા, તેની જ વાત કરીએ. ખેડૂત દાયકાઓ સુધી માત્ર રાજકીય ચર્ચાનો વિષય જ રહ્યો, જમીન પર તેના હિતમાં લેવામાં આવેલ પગલાંઓ મર્યાદિત હતાં.

**વીતેલાં ૫-૬ વર્ષોમાં અમે ખેડૂતો માટે એક સુરક્ષા તંત્ર વિકસિત કર્યું**

વીતેલાં ૫-૬ વર્ષોમાં અમે ખેડૂતો માટે એક સુરક્ષા તંત્ર વિકસિત કર્યું. સિંચાઈ માટેનું વધુ સારું ઇન્ફ્રાસ્ટ્રક્ચર હોય, બજારોના આધુનિકીકરણ માટે રોકાણ હોય, યુરિયાની ઉપલબ્ધતા હોય, સોઈલ હેલ્થ કાર્ડ હોય, વધુ સારાં બિયારણ હોય, પાક વીમો હોય, ખર્ચના દોઢ ગણા લઘુતમ ટેકાના ભાવ હોય, ઓનલાઇન માર્કેટની વ્યવસ્થા ઈ-નામ હોય, અને પીએમ સમ્માન નિધિ વડે સીધી મદદ હોય. વીતેલાં વર્ષોમાં લઘુત્તમ ટેકાના ભાવોને પણ અનેક વખત વધારવામાં આવ્યો છે અને ખેડૂતો પાસેથી રેકોર્ડ ખરીદી પણ કરવામાં આવી છે. ખેડૂતોની આસપાસ જ્યારે આ સુરક્ષા-કવચ બની ગયું, જ્યારે તેમની અંદર વિશ્વાસ ઉત્પન્ન થયો ત્યારે કૃષિસુધારાઓને અમે આગળ વધાર્યા છે.

પહેલાં ખેડૂતોની અપેક્ષાઓ પર કામ કરવામાં આવ્યું અને હવે ખેડૂતોની આકાંક્ષાઓની પૂર્તિ માટે કામ કરવામાં આવી રહ્યું છે. હવે ખેડૂતોને પરંપરાગત સાધનો કરતાં વધુ વિકલ્પ બજારોમાં મળી રહ્યા છે. જ્યારે વિકલ્પ વધુ મળે છે, તો ખરીદનારાઓમાં સ્પર્ધા પણ વધી રહી છે, જેનો સીધો લાભ ખેડૂતને



મળવાનો છે. સુધારાઓને કારણે હવે ખેડૂત ઉત્પાદક સંઘ એટલે કે એફપીઓના માધ્યમથી ખેડૂતો માટે સીધા નિકાસકાર બનવાનો રસ્તો પણ સાફ થયો છે.

સાથીઓ, ખેડૂતોની સાથે-સાથે ગરીબોના હિતમાં કરવામાં આવેલ સુધારાઓના મામલામાં પણ આ જ રસ્તો અપનાવવામાં આવી રહ્યો છે. આપણે ત્યાં લાંબા સમય સુધી ગરીબોને માત્ર નારાઓમાં જ રાખવામાં આવ્યા છે, પરંતુ વાસ્તવિકતા તો એ હતી કે દેશના ગરીબને ક્યારેય સિસ્ટમ સાથે જોડવાની મહેનત જ નથી થઈ. જે લોકો સૌથી વધુ તરછોડાયેલા હતા તે ગરીબો હતા. જે સૌથી વધુ નાણાકીય વંચિતો હતા તે ગરીબો હતા. હવે ગરીબોનું પોતાનું પાકું ઘર, શૌચાલય, વીજળી, ગેસ, સ્વચ્છ પીવાનું પાણી, ડિજિટલ બેંકિંગ, સસ્તી મોબાઈલ કનેક્ટિવિટી અને ઝડપી ઈન્ટરનેટ જોડાણની સુવિધા જેવી અન્ય નાગરિકોને મળી રહી છે, તે ગરીબો સુધી પણ પહોંચી રહી છે. આ ગરીબની આસપાસ ગૂંથવામાં આવેલ સુરક્ષા-કવચ છે, જે તેમની આકાંક્ષાઓની ઉડાન ભરવા માટે જરૂરી છે.

**આ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિનાં કેંદ્રસ્થ મૂલ્યો જ આત્મવિશ્વાસ, માન્યતા અને ચરિત્રથી ભરેલા યુવા ભારતનું નિર્માણ કરવાનાં છે**

સાથીઓ, એક બીજો સુધારો કે જે તમને સીધો જેએનયુ જેવા દેશના કેમ્પસને અસરગ્રસ્ત કરે છે તે છે નવી રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ. આ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિનાં કેંદ્રસ્થ મૂલ્યો જ આત્મવિશ્વાસ, માન્યતા અને ચરિત્રથી ભરેલા યુવા ભારતનું નિર્માણ કરવાનાં છે. આ જ સ્વામીજીનું પણ વિઝન હતું. તેઓ ઈચ્છતા હતા કે ભારતમાં એવી શિક્ષણ-વ્યવસ્થા હોય કે જે આત્મવિશ્વાસ આપે, તેને દરેક પ્રકારે આત્મનિર્ભર બનાવે.

જીવનના બે અઢી દાયકા પછી યુવા સાથીઓને જે ભરોસો મળે છે, તે શાળાકીય જીવનની શરૂઆતમાં જ કેમ ના મળે? પુસ્તકિયા જ્ઞાન સુધી, પ્રવાહોની મર્યાદા સુધી, માર્કશીટ, ડિગ્રી, ડિપ્લોમા સુધી જ યુવા ઊર્જાને શા માટે બાંધીને રાખવામાં આવે? નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિનું લક્ષ્ય એ બાબત ઉપર સૌથી વધુ છે. સમાવેશિતા નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિના મૂળમાં છે. ભાષા માત્ર એક માધ્યમ છે, જ્ઞાનનો માપદંડ નથી, તે જ આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ભાવના છે. ગરીબમાં ગરીબ, દેશની દીકરીઓને, તેમની જરૂરિયાતોને, તેમની સુવિધા અનુસાર વધુ સારું શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર મળે, તે બાબતની આમાં ખાતરી કરવામાં આવી છે.

સાથીઓ, સુધારાનો નિર્ણય કરવો એ જ પૂરતું નથી હોતું. તેને જે રીતે આપણે આપણા જીવનમાં ઉતારીએ છીએ તે સૌથી વધુ મહત્ત્વનું હોય છે. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ વડે આપણી શિક્ષણ-વ્યવસ્થામાં સાર્થક બદલાવ પણ ત્યારે જ ઝડપથી આવશે, જ્યારે આપણે, તમે બધા જ સાથીઓ ઈમાનદારી સાથે પ્રયાસ કરીશું. ખાસ કરીને આપણા શિક્ષકવર્ગ, બુદ્ધિજીવી વર્ગ પર તેની સૌથી વધુ જવાબદારી છે. આમ તો સાથીઓ, જેએનયુના આ કેમ્પસમાં એક ખૂબ જ લોકપ્રિય જગ્યા છે. કઈ જગ્યા છે તે? સાબરમતી ઢાબો? છે ને? અને ત્યાં આગળ કેટલાનાં ખાતાં ચાલી રહ્યાં છે? મેં સાંભળ્યું છે કે તમે લોકો ક્લાસ પત્યા પછી આ ઢાબા પર જાવ છો અને ચા-પરોઠાની સાથે ચર્ચાઓ કરો છો, વિચારોનું આદાનપ્રદાન કરો છો. જો કે પેટ ભરાયેલું હોય તો ચર્ચા કરવામાં પણ મજા આવે છે. અત્યાર સુધી તમારા વિચારોની, ચર્ચાઓની, સંવાદોની જે ભૂખ સાબરમતી ઢાબામાં સંતોષાતી હતી, હવે તમારા માટે સ્વામીજીની આ પ્રતિમાની છત્રછાયામાં એક બીજી જગ્યા પણ મળી ગઈ છે.

સાથીઓ, કોઈ એક વાત કે જેણે આપણા દેશની લોકશાહી વ્યવસ્થાને ઘણું મોટું નુકસાન પહોંચાડ્યું છે – તે છે રાષ્ટ્રહિત કરતાં વધુ પ્રાથમિકતા પોતાની વિચારધારાને આપવી, કારણ કે મારી વિચારધારા આવું કહે છે, એટલા માટે દેશહિતની બાબતોમાં પણ હું આ જ વિચારધારા વડે વિચારીશ, આ જ સીમામાં કામ કરીશ, એ રસ્તો સાચો નથી મિત્રો, તે ખોટો છે. આજે દરેક વ્યક્તિ પોતાની વિચારધારા માટે ગર્વ કરે છે. તે સ્વાભાવિક પણ છે, પરંતુ તેમ છતાં, આપણી વિચારધારા રાષ્ટ્રહિતના વિષયોમાં, રાષ્ટ્ર સાથે જોવા મળવી જોઈએ, રાષ્ટ્રની વિરુદ્ધમાં ક્યારેય નહિ.

તમે દેશના ઈતિહાસમાં પણ જુઓ, જ્યારે-જ્યારે દેશની સામે કોઈ મુશ્કેલ પરિસ્થિતિ આવી છે, દરેક વિચાર, દરેક વિચારધારાના લોકો રાષ્ટ્રહિત માટે સાથે મળીને આગળ આવ્યા છે. આઝાદીની લડાઈમાં મહાત્મા ગાંધીના નેતૃત્વમાં પ્રત્યેક વિચારધારાના લોકો સાથે મળીને આવ્યા હતા. તેમણે દેશ માટે એક સાથે મળીને સંઘર્ષ કર્યો હતો.

એવું નહોતું કે બાપુના નેતૃત્વમાં કોઈ વ્યક્તિને પોતાની વિચારધારા



છોડવી પડી હતી. તે સમયે પરિસ્થિતિ એવી હતી, એટલે દરેક વ્યક્તિએ દેશના માટે એક સામાન્ય ઉદ્દેશ્યને પ્રાથમિકતા આપી હતી. હવે કટોકટીને યાદ કરો, કટોકટી દરમિયાન પણ દેશે આ જ એકતાનું પ્રદર્શન કર્યું હતું અને મને તો તે આંદોલનનો ભાગ બનવાનું સૌભાગ્ય પણ મળ્યું હતું, મેં બધી જ વસ્તુઓને જાતે જોઈ હતી, અનુભવ કર્યો હતો, હું પ્રત્યક્ષ સાક્ષી છું.

**જ્યારે રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રહિતનો પ્રશ્ન હોય તો પોતાની વિચારધારાના બોજ હેઠળ દબાઈને નિર્ણય લેવાથી દેશનું નુકસાન જ થાય છે**

કટોકટી વિરુદ્ધ તે આંદોલનમાં કોંગ્રેસના પૂર્વ નેતા અને કાર્યકર્તાઓ પણ હતા. આરએસએસના સ્વયંસેવકો અને જનસંઘના લોકો પણ હતા. સમાજવાદી લોકો પણ હતા. સામ્યવાદીઓ પણ હતા. જેએનયુ સાથે જોડાયેલા કેટલાય લોકો હતા જેમણે એક સાથે આગળ આવીને કટોકટી વિરુદ્ધ સંઘર્ષ કર્યો હતો. આ એકતામાં, આ લડાઈમાં પણ કોઈને પોતાની વિચારધારા સાથે સમજૂતી નહોતી કરવી પડી. માત્ર ઉદ્દેશ્ય એક જ હતો — રાષ્ટ્રહિત. અને આ ઉદ્દેશ્ય જ સૌથી મોટો હતો. એટલા માટે સાથીઓ, જ્યારે રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રહિતનો પ્રશ્ન હોય તો પોતાની વિચારધારાના બોજ હેઠળ દબાઈને નિર્ણય લેવાથી દેશનું નુકસાન જ થાય છે.

હા, હું માનું છું કે સ્વાર્થ માટે, અવસરવાદ માટે પોતાની વિચારધારા સાથે સમજૂતી કરવી એ પણ એટલી જ ખોટી વસ્તુ છે. આ માહિતી યુગમાં, હવે આ પ્રકારનો અવસરવાદ સફળ નથી થતો, અને આપણે તે થતો જોઈ રહ્યા છીએ. આપણે અવસરવાદથી દૂર, પરંતુ એક સ્વસ્થ સંવાદને લોકશાહીમાં જીવિત રાખવાનો છે.

સાથીઓ, તમારે ત્યાં તો તમારી હૉસ્ટેલનાં નામ પણ ગંગા, સાબરમતી, ગોદાવરી, તાપી, કાવેરી, નર્મદા, ઝેલમ, સતલજ જેવી નદીઓનાં નામ પરથી છે. આ નદીઓની જેમ જ તમે બધા પણ દેશના જુદા જુદા ભાગોમાંથી આવો છો, જુદા જુદા વિચારો લઈને આવો છો, અને અહીંયાં મળો છો. વિચારોના આ આદાનપ્રદાનને, નવા નવા વિચારોના આ પ્રવાહને અવિરત જાળવી રાખવાનો છે, ક્યારેય સુકાવા નથી દેવાનો. આપણો દેશ એક એવી મહાન ભૂમિ છે જ્યાં જુદી જુદી બૌદ્ધિક વિચારધારાઓનાં બીજ અંકુરિત થતાં રહે છે, વિકસિત થતાં રહ્યાં છે અને ઊગતાં પણ રહ્યાં છે. આ પરંપરાને મજબૂત કરવી એ તમારા જેવા યુવાનો માટે તો ખાસ કરીને ખૂબ જરૂરી છે. આ જ પરંપરાના કારણે ભારત દુનિયાનું સૌથી ગતિશીલ લોકતંત્ર છે.

હું ઈચ્છું છું કે આપણા દેશનો યુવાન ક્યારેય પણ કોઈપણ સ્ટેટસ ક્વોને સાવ એમ જ સ્વીકાર ના કરી લે. કોઈ એક કહી રહ્યું છે, એટલા માટે સાચું મની લો, એવું ના હોવું જોઈએ. તમે તર્ક કરો, વાદ કરો, વિવાદ કરો, સ્વસ્થ ચર્ચા કરો, મનન-મંથન કરો, સંવાદ કરો અને પછી કોઈ પરિણામ પર પહોંચો.


## પોતાની રમૂજવૃત્તિને ખોવા નથી દેવાની

સ્વામી વિવેકાનંદજીએ ક્યારેય પણ કોઈ સ્ટેટસ ક્વોનો સ્વીકાર નહોતો કર્યો. અને હા, એક બાબત જેની ઉપર હું ખાસ કરીને વાત કરવા માંગું છું અને તે છે — રમૂજ, એકબીજા સાથે હસી મજાક. આ બહુ મોટું લુબ્રિકેટીંગ બળ છે. પોતાની અંદર રમૂજના જુસ્સાને જરૂર જીવંત રાખજો. ક્યારેક ક્યારેક તો હું કેટલાય નવયુવાનોને જોઉં છું જાણે એટલા મોટા બોજ હેઠળ દબાયેલા હોય છે કે જાણે આખી દુનિયાનો બોજ તેના માથા ઉપર જ હોય. ઘણીવાર આપણે આપણી કેમ્પસ લાઈફમાં અભ્યાસ વખતે, કેમ્પસ રાજકારણમાં રમૂજને ભૂલી જ જતા હોઈએ છીએ. એટલા માટે આપણે તેને બચાવીને રાખવાની છે, પોતાની રમૂજવૃત્તિને ખોવા નથી દેવાની.

યુવા સાથીઓ, વિદ્યાર્થીજીવન પોતાની જાતને ઓળખવા માટે એક ઘણો સારો અવસર હોય છે. પોતાની જાતને ઓળખવી એ જીવનની બહુ જરૂરી જરૂરિયાત પણ હોય છે. હું ઈચ્છું છું કે તેનો ભરપૂર ઉપયોગ કરો. જેએનયુ કેમ્પસમાં મૂકવામાં આવેલી સ્વામીજીની આ પ્રતિમા રાષ્ટ્ર-નિર્માણ, રાષ્ટ્ર-પ્રેમ અને રાષ્ટ્ર-જાગરણ પ્રત્યે અહીંયાં આવનાર પ્રત્યેક યુવાનને પ્રેરિત કરતી રહે એ જ કામના સાથે આપ સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ!

તમે બધા સફળ થાવ, સ્વસ્થ રહો. આવનાર દિવસોના ઉત્સવોને ધામધૂમથી ઊજવો. તમારા સ્નેહીજનો અહીંયાં જ રહે છે તો તેમને પણ એવો સંતોષ થાય કે તમે પણ દિવાળીના માહોલમાં એ જ ખુશી મિજાજ વડે કામ કરી રહ્યા છો. આ અપેક્ષા સાથે જ મારા તરફથી આપ સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ.

ખૂબ ખૂબ આભાર !





# ભાજપામાં નેતા મેધા અને પરિશ્રમના બળ પર આગળ વધે છે - શ્રી જગત પ્રકાશ નડ્ડાજી

**વૈશ્વિક મહામારી કોવિડ-૧૯એ સમસ્ત દુનિયાને ઘૂંટણિયે પડવા માટે મજબૂર કરી દીધી, પરંતુ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ તેની સામે નિર્ણાયક લડાઈ લડી લેવા માટે જે રીતે સમય સમય પર સાહસિક પગલાં ભરીને દેશની ૧૩૫ કરોડની સંખ્યામાં દેશવાસીઓને એકજૂટ કર્યા, તે અદ્‌ભુત છે. તેમણે પૂરા વિશ્વમાં જનકલ્યાણની અવધારણાને વ્યાપક સ્વીકૃતિ અપાવીને માનવસેવાનું અનુપમ ઉદાહરણ પેશ કર્યું છે**

શ્રી જગત પ્રકાશ નડ્ડાજીએ કહ્યું કે ભારતીય જનતા પાર્ટી અને બાકી અન્ય રાજનીતિક પાર્ટીઓમાં ઘણું બધું અંતર છે. બાકીની પાર્ટીઓ માટે પરિવાર જ પાર્ટી છે, જ્યારે અમારા માટે પાર્ટી જ પરિવાર છે. તેમણે કહ્યું કે આ પાર્ટી કાર્યકર્તાઓના અથક પરિશ્રમનું જ પરિણામ છે, જેથી ભારતીય જનતા પાર્ટી આજે વિશ્વની સૌથી મોટી રાજનીતિક પાર્ટી છે. મહારાષ્ટ્ર ભાજપાના સદસ્યોની સંખ્યા પણ ૧ કરોડથી વધુ થઈ ગઈ છે, એ માટે પ્રદેશ ભાજપા સંગઠનને હું ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. તેમણે કહ્યું કે ભાજપાની યાત્રા સંસ્કૃતિ, પરંપરા, અંત્યોદય, એકાત્મ માનવવાદ અને સૌનો સાથ-સૌનો વિકાસ તથા બધાનો વિશ્વાસના દર્શનથી આગળ ધપી રહી છે. દેશની એકતા, અખંડતા અને સંસ્કૃતિની રક્ષા એ જ અમારી ઓળખ બની રહી છે. તેમણે કહ્યું કે અમે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી અને પંડિત દીનદયાલ ઉપાધ્યાય દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતોને આચરણમાં મૂકીને આગેકૂચ કરી રહ્યા છીએ, જેમણે અમને સંપૂર્ણતાની વિચારધારાને અપનાવીને આગળ વધવાનું શીખવ્યું છે. જો અર્થનીતિની વાત કરીએ તો અમે સમાજના છેવાડાના વ્યક્તિનું કલ્યાણ, અંત્યોદયથી 'સહુનો સાથ, સહુનો વિકાસ અને સહુનો વિશ્વાસ' અને તેનાથી 'આત્મનિર્ભર ભારત'ના અભિયાન માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં તેજ ગતિથી કામ કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટીમાં નેતા મેધા અને પરિશ્રમના બળ પર આગળ વધે છે, પરિવાર, જાતિ, ધર્મ અથવા ધનશક્તિના આધાર પર નહીં. આ અમારી નૈતિક વ્યવસ્થાનું પરિણામ છે. પાર્ટીનો વિચારવાનો, સમજવાનો અને મૂલ્યાંકનનો ઢાંચો એવો છે કે અહીં આગળ આવવા માટે કોઈ સિફારીશની જરૂર પડતી નથી.

શ્રી જગત પ્રકાશ નડ્ડાજીએ કહ્યું કે વૈશ્વિક મહામારી કોવિડ-૧૯એ સમસ્ત દુનિયાને ઘૂંટણિયે પડવા માટે મજબૂર કરી દીધી, પરંતુ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ તેની સામે નિર્ણાયક લડાઈ લડી લેવા માટે જે રીતે સમય સમય પર સાહસિક પગલાં ભરીને દેશની ૧૩૫ કરોડની સંખ્યામાં દેશવાસીઓને એકજૂટ કર્યા, તે અદ્‌ભુત છે. તેમણે પૂરા વિશ્વમાં જનકલ્યાણની અવધારણાને વ્યાપક સ્વીકૃતિ અપાવીને માનવસેવાનું અનુપમ ઉદાહરણ પેશ કર્યું છે. દેશના ૮૦ કરોડ ગરીબ લોકોને બે વખતના ભોજન માટે માર્ચથી




નવેંબર મહિના સુધી મફત રેશનની વ્યવસ્થા કરવામાં આવી. આ એક મોટો કીર્તિમાન છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ગરીબ કલ્યાણ યોજના, આત્મનિર્ભર ભારત અભિયાન, વોકલ ફોર લોકલ અને ગરીબ કલ્યાણ રોજગાર યોજનાના માધ્યમથી જનકલ્યાણની સાથે સાથે દેશના અર્થતંત્રની ગતિને પણ તેજ કરવાનો વ્યાપક પ્રયાસ કર્યો.

શ્રી નડ્ડાજીએ કહ્યું કે આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત કૃષિના પાયાગત ઢાંચાના વિકાસ માટે એક લાખ કરોડ રૂપિયાની અલગથી ફાળવણી કરવામાં આવી. તેમણે કહ્યું કે આધારભૂત ઢાંચાના પરિસ્થિતિજન્ય તંત્રના વિકાસની દિશામાં એક ક્રાંતિકારી પરિવર્તનની જરૂર અનુભવાતી હતી. ખેડૂતને લાભદાયક કિંમતે પોતાના પાકની ઊપજ વેચવા માટે પર્યાપ્ત વિકલ્પ ઉપલબ્ધ કરીને, મુક્ત આંતરરાજ્ય વેપાર, કૃષિ ઉત્પાદનની ઈ-ટ્રેડિંગ માટે એક રૂપરેખા બનાવવા માટે કૃષિસુધારાની અત્યંત તાકીદની આવશ્યકતા હતી. આથી વર્ષોની પ્રતીક્ષા બાદ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કૃષિસુધારાઓને એક-એક કરીને આગળ ધપાવવાનું શરૂ કર્યું. એક બૃહદ્ પરિચર્ચા પશ્ચાત્ લોકતાંત્રિક પદ્ધતિથી તાજેતરમાં જ કૃષિસુધાર સંબંધિત ત્રણ વિધેયક સંસદમાં પસાર થયાં અને રાષ્ટ્રપતિજીના હસ્તાક્ષરથી હવે તે કાયદો બની ચૂક્યાં છે. આ વિધેયકોથી ખેડૂતો સશક્ત બનશે તથા દેશમાં 'વન નેશન, વન માર્કેટ'ની અવધારણા સિદ્ધ થઈ છે. પહેલાં મંડળીઓમાં ખેડૂતોએ મલ્ટીપલ ટેક્સ આપવો પડતો હતો, હવે ખેડૂતોને પોતાની ઊપજ સ્વતંત્ર રીતે વેચવાની આઝાદી મળી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ખેડૂતોને કરમુક્ત અને સ્વાવલંબી બનાવ્યા છે. ખેડૂતોને પોતાની ઊપજ વેચવાની આઝાદી આપવાની અનુશંસા પૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહ, શરદ પવાર અને શરદ જોષી કમિટીએ પણ કરી હતી. બધા જ અર્થશાસ્ત્રીઓએ પણ આની તરફેણ કરી હતી, પરંતુ આ કૃષિ સિફારીશનું અમલીકરણ કરવાનો સાર્થક પ્રયાસ માત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કર્યો છે. શરદ પવાર કૃષિસુધારાઓની વાત કરે તો ઘણું સારું, પણ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી આનું અમલીકરણ કરે તો તે ખરાબ કેવી રીતે થઈ ગયું ? શ્રી શરદ પવારે કોન્ટ્રાક્ટ ફાર્મિંગની તરફેણ કરી હતી, પરંતુ મોદી સરકારે તેને કિસાન હિતલક્ષી બનાવીને અમલ કર્યો. તેથી આપણે ખેડૂતવિરોધી કેવી રીતે બની જઈએ ? ચૂંટણી વખતે કોંગ્રેસે પોતાના ઘોષણાપત્રમાં કહ્યું હતું કે તે એપીએમસી એક્ટને બદલી નાખશે, ખેડૂતના ટ્રેડ પર કોઈ ટેક્સ લાગુ કરવામાં નહીં આવે અને આંતરરાજ્ય વેપારને ઉત્તેજન આપવામાં આવશે. પરંતુ, જ્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ખેડૂતોના હિતમાં કૃષિસુધારો લાગુ કર્યો તો કોંગ્રેસ પાર્ટીના નેતા ટ્રેક્ટર પર સોફા મૂકીને ઘૂમવા લાગ્યા. આ લોકો તો ખેડૂતોની રોજી-રોટી એવા ટ્રેક્ટરનું પણ અપમાન કરે છે. કોઈ વ્યક્તિ, જેનાથી પોતાની રોજી-રોટી મેળવતો હોય, તેને શું આગને હવાલે કરી શકશે ? કોઈ હળને સળગાવી મૂકશે ? આવું કરનારા ના તો ખેડૂત હોય છે અને ના તો તેમનામાં ખેડૂતોનો આત્મા વસતો હોય છે. ભારતીય જનતા પાર્ટીએ નક્કી કર્યું છે કે આપણે હળ અને ટ્રેક્ટર બંનેનું સન્માન કરીશું તેમજ ખેડૂતોનું પણ સન્માન કરીશું. ખેતપેદાશની એમએસપી, સ્વાઈલ હેલ્થ કાર્ડ અને કિસાન સન્માનનિધિ આપવાનું કામ કોણે કર્યું ? કોંગ્રેસની સરકારોને ખેડૂતહિતમાં નિર્ણય લેતાં કોણે રોક્યા હતા ? એ ફક્ત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી હતા, જેમણે ખેડૂતોને તેમનો અધિકાર આપ્યો, જેની શ્રી સ્વામીનાથને મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રીશ્રીએ કૃષિ બજેટને ૧૨,૦૦૦ કરોડ રૂપિયાથી વધારીને ૧.૩૬ લાખ કરોડ રૂપિયા કરવાનું કામ કર્યું છે. આર્થિક પ્રગતિ પણ ઘણી તેજ થઈ છે. ગત એક વર્ષમાં ધારો ૩૭૦ની નાબૂદી, ટ્રીપલ તલાકનો ખાત્મો, સીએએના ઈમ્પ્લીમેન્ટેશનથી લઈને ભવ્ય રામમંદિરના નિર્માણનો માર્ગ પણ મોકળો બન્યો છે. આ બાબતો દર્શાવે છે કે દૃઢ ઇચ્છાશક્તિ સાથે જો કામ કરવામાં આવે તો કશું જ કામ અશક્ય નથી.


શ્રી નડ્ડાજીએ કહ્યું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં દેશની તસુએ તસુ જમીન સુરક્ષિત છે. દોલતબેગ ઓલ્ડી રોડ વર્ષો પછી પૂરો થયો. આજે ભારતની સુરક્ષા સિસ્ટમ મજબૂત છે. દુશ્મન આપણી સામે આંખ ઉઠાવીને જોઈ પણ નથી શકતો. આ આત્મનિર્ભર ભારત, સ્વાભિમાની ભારત અને શક્તિશાળી ભારતને સ્થાપિત કરવાની એક તસવીર છે. ચીનની સાથે જોડાયેલી સીમા પર તેજ ગતિથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારા પર કામ થઈ રહ્યું છે. સાથે જ, આ રસ્તાઓ પર ૧૪૪૫૦ મીટર લાંબા પુલ બનાવવામાં આવ્યા છે અને તેના નિર્માણમાં છેલ્લાં ૬ વર્ષમાં ૯૮ ટકા વૃદ્ધિ થઈ છે. ચીન સાથે જોડાયેલી સીમા પર ૩૮૦ કિમી પ્રતિ વર્ષના દરથી છેલ્લાં ૩ વર્ષમાં વર્લ્ડ સ્ટાન્ડર્ડ સડકો બનાવવામાં આવી છે.

●



**જેસલમેરમાં લોન્ગેવાલા ખાતે ભારતીય સશસ્ત્ર દળોના જવાનો સાથે
દિવાળીની ઉજવણી પ્રસંગે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન**

# મારી દિવાળી તો તમારી વચ્ચે આવીને જ પૂરી થાય છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી



ભારત માતાની સેવા અને સુરક્ષા માટે ચોવીસે કલાક ખડે પગે રહેનારા આપ સૌ વીરોને ફરી એક વાર મારા તરફથી અને ૧૩૦ કરોડ દેશવાસીઓ તરફથી દિવાળીની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું. દેશની સરહદ પર હોય, આકાશમાં કે સમુદ્ર વિસ્તારમાં હોય, બર્ફીલાં શિખરો પર હોય કે ગીચ જંગલોમાં હોય, રાષ્ટ્ર-સુરક્ષામાં જોડાયેલા વીર દીકરા-દીકરીઓને, આપણી સેનાઓ, બીએસએફ, આઈટીબીપી, સીઆઈએસએફ, દરેક સુરક્ષા દળ, આપણા પોલીસ જવાનો, તમામને હું આજે દિવાળીના આ પવિત્ર પર્વ પ્રસંગે આદરપૂર્વક નમન કરું છું.

## તમે છો તો દેશ છે, દેશના લોકોની ખુશીઓ છે

તમે છો તો દેશ છે, દેશના લોકોની ખુશીઓ છે. દેશના આ તહેવારો છે અને આજે હું તમારી વચ્ચે દરેક ભારતવાસીની શુભેચ્છાઓ લઈને આવ્યો છું. તમારા માટે દેશવાસીઓનો કોટી-કોટી પ્રેમ લઈને આવ્યો છું. હું તમારા માટે દરેક વરિષ્ઠ નાગરિકોના આશીર્વાદ લઈને આવ્યો છું. આજે એ વીર માતાઓ, બહેનો અને બાળકોને દિવાળીની હાર્દિક શુભકામનાઓ પાઠવું છું, તેમના ત્યાગને નમન કરું છું, કે જેમણે પોતાના દીકરા હોય કે દીકરીઓ હોય કે જે આજે તહેવારના દિવસે સરહદ પર તહેનાત છે. આ તમામ લોકો પણ અભિનંદનના અધિકારી છે. ફરી એક વખત બંને મુઠ્ઠી બંધ કરીને મારી સાથે બોલો ભારત માતા કી જય, ભારત માતા કી જય, ભારત માતા કી જય.

સાથીઓ, મને યાદ છે કે પ્રધાનમંત્રી બન્યા પછી પ્રથમ વખત વર્ષ ૨૦૧૪માં દિવાળીના પ્રસંગે જવાનોની સાથે દિવાળી મનાવવા માટે હું સિયાચીન ગયો હતો. ત્યારે ઘણા લોકોને થોડુંક અચરજ થયું હતું. તહેવારના દિવસો છે અને આ પ્રધાનમંત્રી શું કરી રહ્યા છે, પરંતુ હવે આપ પણ મારી લાગણી જાણો છો. જો દિવાળીના પર્વ પર પોતાના લોકોની વચ્ચે જાઉં છું તો પોતાનાથી દૂર ક્યાં રહું છું, અને એટલા માટે આજે પણ દિવાળીના પ્રસંગે તમારા લોકોની વચ્ચે આવ્યો છું, પોતાના લોકોની વચ્ચે આવ્યો છું. તમે ભલે, બર્ફીલી પહાડીઓ પર રહો અથવા રણમાં રહો. મારી દિવાળી તો તમારી વચ્ચે આવીને જ પૂરી થાય છે. તમારા ચહેરાઓ ઉપરની રોનક જોઉં છું, તમારા ચહેરા પર ખુશી જોઉં છું તો મને પણ અનેકગણી ખુશી થાય છે. મારો આનંદ વધી જાય છે. આ આનંદ માટે દેશવાસીઓના ઉલ્લાસને તમારા સુધી પહોંચાડવા માટે આજે ફરી એક વખત હું આ રણપ્રદેશમાં તમારી વચ્ચે આવ્યો છું અને એક વાત, તમારા માટે તહેવારનો દિવસ હોવાથી થોડીક મીઠાઈ પણ લઈને આવ્યો છું, પરંતુ આ માત્ર દેશનો પ્રધાનમંત્રી મીઠાઈ લઈને આવ્યો નથી. આ માત્ર મારો જ નહીં, પણ તમામ દેશવાસીઓનો પ્રેમ અને પોતાપણાના સ્વાદને પણ સાથે લઈને આવ્યો છું. આ મીઠાઈમાં તમે દેશની દરેક માતાના હાથની મીઠાશનો અનુભવ કરી શકો છો. આ મીઠાઈમાં તમે દરેક ભાઈ, બહેન અને પિતાના આશીર્વાદનો અનુભવ કરી શકો



છો અને એટલા માટે જ હું તમારી વચ્ચે એકલો નથી આવતો, હું પોતાની સાથે દેશનો તમારા પ્રત્યેનો પ્રેમ, તમારા પ્રત્યેનો સ્નેહ અને તમારા માટે આશીર્વાદ પણ સાથે લઈને આવ્યો છું.

સાથીઓ, આજે અહીંયાં લોન્ગેવાલાની આ પોસ્ટ પર હું છું તો સમગ્ર દેશની નજર તમારી ઉપર છે. મા ભારતીના લાડલા, મારી આ દીકરીઓ, મારા દેશને ગૌરવ આપનારી આ બેટીઓ, જે મારી સામે બેઠી છે તેમની પર દેશની નજર છે. મને લાગે છે કે દેશની સરહદ પર જો કોઈ એક પોસ્ટનું નામ, દેશના લોકોને જે નામ યાદ હશે, અનેક પેઢીઓને યાદ હશે તો એ પોસ્ટનું નામ લોન્ગેવાલા પોસ્ટ છે. તે દરેકના મોં ઢે છે, એક એવી પોસ્ટ કે જ્યાં ગરમીમાં તાપમાન ૫૦ ડિગ્રી સુધી પહોંચી જાય છે અને ઠંડીમાં શૂન્યથી પણ નીચે જાય છે અને મે- જૂનમાં તો અહીંયાં જે પ્રકારે ધૂળ ઊડે છે તેમાં એક બીજાના ચહેરા પણ જોઈ શકાતા નથી. આ પોસ્ટ પર તમારા સાથીઓએ શૌર્યની એક એવી ગાથા લખી છે કે જે આજે પણ દરેક ભારતીયના દિલમાં જોશ ભરી દે છે. લોન્ગેવાલાનું નામ લેતાં જ હૃદયના ઊંડાણમાંથી મનમંદિરમાં એવું પ્રગટ થાય છે કે 'જો બોલે સો નિહાલ, સત શ્રી અકાલ'. આ જયકારો કાનમાં ગૂંજવા લાગે છે.

સાથીઓ, જ્યારે પણ સૈન્યની કુશળતાના ઈતિહાસ બાબતે લખવા વાંચવામાં આવશે ત્યારે સૈન્યના પરાક્રમની પણ ચર્ચા થશે અને ત્યારે બેટલ ઓફ લોન્ગેવાલાને જરૂર યાદ કરવામાં આવશે. એક એવો સમય હતો કે જયારે પાકિસ્તાનની સેના બાંગ્લાદેશના નિર્દોષ નાગરિકો પર અત્યાચાર કરી રહી હતી, જુલ્મ કરી રહી હતી, નરસંહાર કરી રહી હતી,




બહેનો-દીકરીઓ ઉપર અમાનવીય જુલ્મ થઈ રહ્યો હતો. આ જુલ્મ પાકિસ્તાનની સેનાના લોકો કરી રહ્યા હતા. દુનિયા સામે પાકિસ્તાનનું ભયંકર રૂપ પ્રગટ થઈ રહ્યું હતું. આ બધાથી દુનિયાનું ધ્યાન હટાવવા માટે પાકિસ્તાને આપણા દેશની પશ્ચિમી સીમાઓ પર મોરચો ખોલી દીધો હતો. પાકિસ્તાનને લાગતું હતું કે ભારતની પશ્ચિમી સીમા પર મોરચો ખોલી દઈશું, દુનિયામાં ભારતે આવું કરી દીધું, તેવું કરી દીધું કહીને રોતા રહીશુ અને બાંગલા દેશનાં તમામ પાપ તેની પાછળ છુપાતાં રહેશે. પણ, આપણા સૈનિકોએ એવો જડબાતોડ જવાબ આપ્યો કે તેમની હાલત ખરાબ થઈ ગઈ.

સાથીઓ, અહીંયાં આ પોસ્ટ પર દર્શાવવામાં આવેલાં પરાક્રમોની ગુંજ, એ ગુંજે દુશ્મનોનો ઉત્સાહ ભાંગી નાખ્યો હતો. તેમને ક્યાં ખબર હતી કે અહીંયાં તેમનો સામનો ભારત માતાના શક્તિશાળી દીકરા-દીકરીઓ સાથે થવાનો છે. મેજર કુલદીપ સિંહ ચાંદપુરીના નેતૃત્વમાં ભારતીય વીરોએ ટેન્કો સાથે સજ્જ થઈને દુશ્મનના સૈનિકોને ધૂળ ચટાડી દીધી હતી. તેમના મનસૂબા તોડી નાંખ્યા હતા. ક્યારેક-ક્યારેક તો મને લાગે છે કે માતા-પિતાએ તેમનું નામ ભલે કુલદીપ રાખ્યું હોય, તેમને લાગ્યું હશે કે તે કુળનો દીપક છે, પરંતુ કુલદીપજીએ તો પોતાના પરાક્રમ દ્વારા એ નામ એવું સાર્થક કર્યું કે તે માત્ર કુલદીપ નહીં, તે રાષ્ટ્રદીપ બની ગયા.

## લોન્ગેવાલાનું આ ઐતિહાસિક યુદ્ધ ભારતીય સૈન્ય દળના શૌર્યનું પ્રતીક છે

સાથીઓ, લોન્ગેવાલાનું આ ઐતિહાસિક યુદ્ધ ભારતીય સૈન્ય દળના શૌર્યનું પ્રતીક તો છે જ, થલ સેના, બીએસએફ અને વાયુ સેનાના સંકલનનું પ્રતીક છે. આ લડાઈએ બતાવી આપ્યું કે ભારતની સંગઠિત સૈન્યશક્તિ સામે ભલે કોઈપણ આવે, તે કોઈપણ સ્વરૂપે ટકી શકશે નહીં. હવે વર્ષ ૧૯૭૧માં થયેલા યુદ્ધમાં લોન્ગેવાલામાં થયેલી લડાઈને ૫૦ વર્ષ પૂરાં થવાનાં છે. થોડાંક જ સપ્તાહમાં આપણે તેનાં ૫૦ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે ગૌરવપૂર્ણ સ્વર્ણિમ પ્રકરણ મનાવવાના છીએ. અને એટલા માટે આજે મારું મન અહીં આવવાની ઈચ્છા રાખતું હતું. તો સમગ્ર દેશ પોતાના એ વીરોની વિજયગાથા સાંભળીને ગૌરવવંતું બનશે. તેમના ઉત્સાહમાં બુલંદી આવશે. નવી પેઢીઓ અને આવનારી પેઢીઓ માટે આ



પરાક્રમમાંથી પ્રેરણા લેવાનો અવસર તેમના જીવનનો એક મહત્ત્વપૂર્ણ પ્રસંગ બનશે. આવા જ વીર સપૂતો માટે રાજસ્થાનની ભૂમિના જ એક કવિ નારાયણ સિંહ ભાટીએ લખ્યું છે અને આ ગીત બોલચાલની ભાષામાં લખ્યું છેઃ તેમણે લખ્યું છે કે તેમના જેવાં ઘર, તેમના જેવું ગગન, તેમના જેવો સહ-ઈતિહાસ, તેમના જેવી સહ-પેઢીઓ પ્રાચી ત્રણે પ્રકાશ !!! આનો અર્થ થાય છે કે આપણા વીર સપૂતોના બલિદાન પર આ ધરતી ગર્વ કરે છે, આસમાન ગર્વ કરે છે અને સંપૂર્ણ ઈતિહાસ ગર્વ કરે છે. જ્યારે જ્યારે સૂર્યનો પ્રકાશ આ ધરતી પર અંધકાર દૂર કરવા માટે અવિરત થાય ત્યારે આવનારી પેઢીઓ આ બલિદાન પર ગર્વ કરતી રહેશે.

**આજે દરેક ભારતવાસીને પોતાના સૈન્યની તાકાત અને શૌર્યનું ગૌરવ છે**

સાથીઓ, હિમાલયની ઊંચાઈ હોય, રણના ધૂળના ઢગલા હોય, ગીચ જંગલો હોય કે પછી સમુદ્રનું ઊંડાણ હોય, દરેક પડકાર સામે, હંમેશા તમારી વીરતા સામે દરેક પડકાર ભારે પડ્યો છે. તમારામાંથી અનેક સાથી આજે અહીં રણમાં ખડેપગે ઊભા છે તો તમને હિમાલયની ઊંચાઈનો પણ અનુભવ છે. સ્થિતિ પરિસ્થિતિ કોઈ પણ હોય, તમારા પરાક્રમ, તમારા શૌર્યની તુલના થઈ શકે તેમ નથી. એની એ અસર થાય છે કે આજે દુશ્મનને પણ ખાતરી થઈ ગઈ છે કે ભારતના બહાદુરોની કોઈ બરાબરી કરી શકે તેમ નથી. તમારા આ શૌર્યને નમન કરતાં કરતાં આજે હું અને ભારતના ૧૩૦ કરોડ દેશવાસી તમારી સાથે અડગ ઊભા રહ્યા છે. આજે દરેક ભારતવાસીને પોતાના સૈન્યની તાકાત અને શૌર્યનું ગૌરવ છે. તમારી અજયતા ઉપર, તમારી અપરાજેયતા ઉપર ગર્વ છે. દુનિયાની કોઈપણ તાકાત આપણા વીર જવાનોને દેશની સીમા-સુરક્ષા કરતાં રોકી શકશે નહીં, ટોકી પણ શકશે નહીં.

**સતર્કતા જ સુખ ચેનનો માર્ગ છે. સામર્થ્ય જ વિજયનો વિશ્વાસ છે. સક્ષમતાથી શાંતિ પ્રાપ્ત થાય છે**

સાથીઓ, દુનિયાના ઈતિહાસે આપણને બતાવ્યું છે કે માત્ર એ જ રાષ્ટ્ર સુરક્ષિત રહે છે, એ જ રાષ્ટ્ર આગળ ધપે છે, જેની અંદર દુશ્મનોનો મુકાબલો કરવાની ક્ષમતા છે. જો આજનું દશ્ય જોઈએ તો ભલે આંતરરાષ્ટ્રીય સહયોગ ગમે તેટલો આગળ ધપ્યો હોય, સમીકરણ ગમે તેટલાં બદલાઈ ગયાં ના હોય, પરંતુ આપણે ક્યારેય પણ ભૂલી શકતા નથી કે સતર્કતા જ સુરક્ષાનો માર્ગ છે. સતર્કતા જ સુખ ચૈનનો માર્ગ છે. સામર્થ્ય જ વિજયનો વિશ્વાસ છે. સક્ષમતાથી શાંતિ પ્રાપ્ત થાય છે. ભારત આજે સુરક્ષિત છે, કારણ કે ભારત પાસે પોતાની સુરક્ષા કરવાની શક્તિ છે. ભારત પાસે તમારા જેવા વીર દીકરા-દીકરીઓ છે.

**આજે દુનિયા પણ જાણી ગઈ છે, સમજી ગઈ છે કે આ દેશ પોતાના હિત સાથે કોઈ પણ કિંમત પર સહેજ પણ સમાધાન કરશે નહીં**

સાથીઓ, જ્યારે પણ જરૂર પડે છે ત્યારે ભારતે દુનિયાને બતાવી આપ્યું છે કે તેની પાસે તાકાત પણ છે અને સાચો જવાબ આપવાની રાજકીય ઈચ્છાશક્તિ પણ છે. આપણા સૈન્યની તાકાત તેણે આપણી વાટાઘાટોની શક્તિમાં અનેકગણો વધારો કરી દીધો છે. તેમના પરાક્રમથી જ આ વધારો થયો છે. તેમની સંકલ્પશક્તિથી જ આ વધારો થયો છે. આજે ભારત આતંકીઓને, આતંકના આકાઓને, ઘરમાં ઘૂસીને મારે છે. આજે દુનિયા પણ જાણી ગઈ છે, સમજી ગઈ છે કે આ દેશ પોતાના હિત સાથે કોઈ પણ કિંમત પર સહેજ પણ સમાધાન કરશે નહીં. ભારતનો આ મિજાજ છે, આ કદ, તમારી શક્તિ અને તમારા પરાક્રમને કારણે જ છે. તમે જ દેશને સુરક્ષિત રાખ્યો છે. એટલા માટે આજે ભારત વૈશ્વિક મંચ ઉપર મજબૂતીથી પોતાની વાત મૂકી શકે છે.

**વિસ્તારવાદ એક માનસિક વિકૃતિ છે**

સાથીઓ, સમગ્ર વિશ્વ આજે વિસ્તારવાદી તાકાતથી પરેશાન છે. એક રીતે કહીએ તો વિસ્તારવાદ એક માનસિક વિકૃતિ છે અને તે ૧૮મી સદીની વિચારધારા બતાવે છે. આવી વિચારધારા સામે ભારતનો અવાજ બુલંદ બની રહ્યો છે.

**૧૦૦થી વધુ અલગ અલગ પ્રકારની જે જરૂરિયાતો છે - ખાસ કરીને હથિયાર અને શસ્ત્ર-સરંજામ, તે હવે વિદેશમાંથી નહીં લેવામાં આવે. ભારતમાં જ ઉત્પાદન થયેલી ચીજો જ લેવામાં આવશે**

સાથીઓ, આજે ભારતે ખૂબ ઝડપ સાથે પોતાના સંરક્ષણ ક્ષેત્રને આત્મનિર્ભર બનાવવા તરફ ખૂબ ઝડપથી કદમ ઉઠાવ્યાં છે, આગળ ધપી રહ્યો છે. હજુ હમણાં જ આપણી સેનાઓએ નિર્ણય કર્યો છે કે તે ૧૦૦થી વધુ અલગ અલગ પ્રકારની જે જરૂરિયાતો છે - ખાસ કરીને હથિયાર અને શસ્ત્ર-સરંજામ, તે હવે વિદેશમાંથી નહીં લેવામાં આવે. ભારતમાં જ ઉત્પાદન થયેલી ચીજો જ લેવામાં આવશે. આ ઉત્પાદનો અને તેના માટે






જે આવશ્યક હોય તે કામ કરતાં રહીશું. આ નિર્ણય નાનો નથી. તેના માટે છાતીમાં ખૂબ મોટી તાકાત જોઈએ છે. પોતાના જવાનો પર વિશ્વાસ મૂકવો પડે છે. હું આજે આ પ્રસંગે વધુ એક ત્યાગ અને તપસ્યાની આ મહત્ત્વપૂર્ણ ભૂમિ પરથી આપણી સેનાઓને તેમના આ મહત્ત્વપૂર્ણ નિર્ણય માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આ નિર્ણય નાનો નથી. હું જાણું છું કે નિર્ણય સેનાએ પોતે લીધો છે. આત્મનિર્ભર ભારતનો એક ખૂબ મોટો ઉત્સાહ વધારનારો નિર્ણય લીધો છે, પરંતુ સેનાના આ નિર્ણયથી દેશવાસીઓમાં પણ, ૧૩૦ કરોડ દેશવાસીઓ સુધી એક સંદેશો પહોંચ્યો છે. ખૂબ દૂર સુધી કેવો સંદેશો ગયો, લોકલ માટે વોકલ થવાનો સંદેશો, સેનાના એક નિર્ણયથી ૧૩૦ કરોડ દેશવાસીઓને લોકલ માટે વોકલ થવાની પ્રેરણા મળી છે. હું આજે દેશના નવયુવાનોને, દેશની સેનાઓને, સુરક્ષાદળોને, પેરામેડિકલ દળોને એક પછી એક આ પ્રકારના નિર્ણયોથી અનુકૂળ ભારતમાં પણ મારા દેશના યુવાનો, એવી એવી ચીજોનું ઉત્પાદન કરશે, એવી એવી ચીજો બનાવીને લઈ આવશે કે જેનાથી આપણી સેનાના જવાનોની, આપણા સુરક્ષાદળોના જવાનોની તાકાતમાં વધારો થશે. તાજેતરમાં અનેક સ્ટાર્ટઅપ્સ સેનાની જરૂરિયાતો પૂરી કરવા માટે આગળ આવ્યાં છે. સંરક્ષણ ક્ષેત્રમાં નવા સ્ટાર્ટઅપ્સ દેશને આત્મનિર્ભરતાની બાબતે વધુ ઝડપથી આગળ લઈ જશે.


સાથીઓ, સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારત દેશના વધતા જતા સામર્થ્યનું લક્ષ્ય છે - સરહદ પર શાંતિ. આજે ભારતની રણનીતિ સ્પષ્ટ છે. આજનું ભારત સમજવાની અને સમજાવવાની નીતિ ઉપર વિશ્વાસ મૂકે છે. સમજવાની પણ અને સમજાવવાની પણ, પરંતુ જો આપણને અજમાવવાની કોશિશ કરવામાં આવશે તો જવાબ પણ એટલો જ મજબૂત મળવાનો છે.

**ગયા વર્ષે જ્યારે મેં બીજી વખત શપથ લીધા ત્યારે શહીદોનાં બાળકોના શિક્ષણ સાથે જોડાયેલો પ્રથમ નિર્ણય કરવામાં આવ્યો હતો**

સાથીઓ, દેશની અખંડતા દેશવાસીઓની એકતા પર આધાર રાખતી હોય છે. શાંતિ, એકતા, સદ્દભાવના, દેશની અંદર દેશની અખંડતાને ઊર્જા પૂરી પાડે છે. સરહદોની સુરક્ષા સુરક્ષાદળોની શક્તિ સાથે જોડાયેલી છે. સરહદો પર આપણા બહાદુર જવાનોનો ઉત્સાહ બુલંદ રહે, તેમનું મનોબળ આકાશથી પણ ઊંચું રહે. એટલા માટે તેમની દરેક આવશ્યકતા, દરેક જરૂરિયાત, આજે દેશની સર્વોચ્ચ પ્રાથમિકતાઓમાંની એક છે. તેમના પરિવારની સંભાળ એ દેશની જવાબદારી છે. વીતેલા સમયમાં સૈનિકોના સંતાનોને શિક્ષણ અને રોજગાર બાબતે પણ અનેક નિર્ણયો કરવામાં આવ્યા છે. ગયા વર્ષે જ્યારે મેં બીજી વખત શપથ લીધા ત્યારે શહીદોનાં બાળકોના શિક્ષણ સાથે જોડાયેલો પ્રથમ નિર્ણય કરવામાં આવ્યો હતો. આ નિર્ણય હેઠળ રાષ્ટ્રીય સુરક્ષા ફંડ હેઠળ મળનારી સ્કોલરશિપ વધારવામાં આવી છે.

સાથીઓ, સુવિધાની સાથે-સાથે વીરોના સન્માન માટે દેશમાં અભૂતપૂર્વ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. નેશનલ વૉર મેમોરિયલ, રાષ્ટ્રીય સમર્થ સ્મારક અથવા તો નેશનલ પોલીસ મેમોરિયલ હોય, આ બંને સ્મારક દેશના શૌર્યના સર્વોચ્ચ પ્રતીક બનીને દેશવાસીઓને, આપણી નવી પેઢીઓને પ્રેરણા આપી રહ્યા છે.

સાથીઓ, મુશ્કેલ પડકારોની વચ્ચે તમારો વ્યવહાર, તમારું ટીમ વર્ક દેશને દરેક મોરચા પર એવા જ ઉત્સાહ સાથે લડવાની શીખ આપે છે. આજે દેશ આવી જ ભાવનાથી કોરોના જેવી મહામારી સામે જંગ લડી રહ્યો છે. દેશના હજારો ડોક્ટર્સ, નર્સો, હેલ્પર્સ અને સપોર્ટ સ્ટાફ દિવસ રાત અટક્યા વગર, થાક્યા વગર કામ કરી રહ્યા છે. દેશવાસી પણ આ લડાઈ ફ્રન્ટલાઈન વૉરિયર્સની જેમ જ લડી રહ્યા છે. આટલા મહિનાઓથી આપણા દેશવાસી



પૂરી શિસ્તનું પાલન કરી રહ્યા છે. માસ્ક જેવી સાવધાનીઓનું પાલન કરી રહ્યા છે અને પોતાના તથા પોતાના સ્વજનોના જીવનનું રક્ષણ કરી રહ્યા છે, પરંતુ આપણને એ પણ ખાતરી છે કે આપણને જો માસ્ક પહેરવામાં આટલી તકલીફ પડે છે તો તમારા માટે આ સુરક્ષા જેકેટ, ન જાણે તમારા શરીર પર કેટલી ચીજો તમારે લાદવી પડે છે. આટલું બધું પહેરવું તે કઠિન બની રહે છે. તમારા આ ત્યાગમાંથી દેશ શિસ્ત શીખી રહ્યો છે અને સેવા-ધર્મનું પાલન પણ કરી રહ્યો છે.

## આ બધી સફળતાઓનું શ્રેય સરહદ પર ખડે પગે રહેલા અમારા સૈનિકોને મળે છે

સાથીઓ, સરહદ પર રહીને તમે જે ત્યાગ આપી રહ્યા છો, તપસ્યા કરી રહ્યા છો તેનાથી દેશમાં વિશ્વાસનું એક વાતાવરણ પેદા થયું છે. દરેક ભારતવાસીમાં આત્મવિશ્વાસનું એક નવું સ્તર પેદા થયું છે. એવો વિશ્વાસ ઊભો થયો છે કે આપણે સાથે મળીને મોટામાં મોટા પડકારનો પણ સામનો કરી શકીએ તેમ છીએ. તમારામાંથી મળેલી આ પ્રેરણા દ્વારા દેશ આ મહામારીના કપરા સમયમાં પોતાના દરેક નાગરિકના જીવનની રક્ષા માટે જોડાયેલો છે. આટલા મહિનાઓમાં દેશ પોતાના ૮૦ કરોડથી વધુ નાગરિકો માટે ભોજનની વ્યવસ્થા પણ કરી રહ્યો છે. પરંતુ દેશ તેની સાથે-સાથે અર્થ વ્યવસ્થાને એક વાર ફરીથી ગતિ પૂરી પાડવા માટે પણ ઉત્સાહ સાથે પ્રયાસ કરી રહ્યો છે. દેશવાસીઓના આ ઉત્સાહનું પરિણામ એ છે કે આપણે આજે ઘણાં ક્ષેત્રોમાં વિક્રમજનક બદલાવ સાથે બેઠા થયા છીએ અને વૃદ્ધિ પણ દેખાઈ રહી છે. આવી અલગ-અલગ પ્રકારની તમામ લડાઈ, આ બધી સફળતાઓનો શ્રેય સરહદ પર ખડે પગે રહેલા અમારા સૈનિકોને મળે છે, તમને મળે છે.

## ત્રણ બાબતોનો આગ્રહ કરીશ

સાથીઓ, દરેક વખતે, દરેક તહેવાર પ્રસંગે જ્યારે-જ્યારે પણ હું તમારી વચ્ચે આવું છું, જેટલો સમય તમારી વચ્ચે વિતાવું છું, જેટલો તમારા સુખ-દુઃખમાં સામેલ થાઉં છું ત્યારે રાષ્ટ્રસુરક્ષાનો, રાષ્ટ્રસેવાનો મારો સંકલ્પ એટલો જ મજબૂત બને છે. ફરી એકવાર હું આપને આશ્વાસન આપવા માંગું છું કે તમે નિશ્ચિંત બનીને પોતાના કર્તવ્યપથ પર ઊભા રહો. પ્રત્યેક દેશવાસી તમારી સાથે છે. હા, આજના દિવસે હું તમારી પાસેથી એક મિત્ર તરીકે, એક સાથી તરીકે હું ત્રણ બાબતોનો આગ્રહ કરીશ. અને મને વિશ્વાસ છે કે મારો આ આગ્રહ તમારા માટે પણ શક્ય છે કે સંકલ્પ બની જાય. પ્રથમ કશુંક ને કશુંક ઈનોવેટ કરવાની આદત રાખો, નવી પદ્ધતિથી કરવાની આદત રાખો, નવી ચીજો શોધવાની ટેવ પાડો અને તેને જિંદગીનો હિસ્સો બનાવો. અને મેં જોયું છે કે આ રીતે જીંદગી પસાર કરનારા આપણા જવાનોની સર્જનાત્મકતા દેશ માટે ઘણી બધી નવી ચીજો આપી શકે છે. તમે થોડુંક ધ્યાન આપો. કશું ને કશું ઈનોવેટ કરવા પ્રયાસ કરો. જુઓ, આપણાં સુરક્ષાદળો, કારણ કે તમે અનુભવના આધાર પર ઈનોવેટ કરો છો, રોજેરોજ જે પ્રકારે આપ ઝઝૂમી રહ્યા છો, તે પરિસ્થિતિમાંથી બહાર આવો છો ત્યારે ખૂબ મોટો લાભ થાય છે. મારો બીજો આગ્રહ એ છે જે તમારા લોકો માટે ખૂબ જ જરૂરી છે. તમે દરેક પરિસ્થિતિમાં યોગને પોતાના જીવનનો એક ભાગ બનાવો. અને ત્રીજુ, આપણાં સૌની પોત-પોતાની માતૃભાષા છે. આપણામાંથી ઘણા લોકો હિંદી બોલે પણ છે. આપણાંમાંથી કેટલાક લોકો અંગ્રેજી પણ બોલે છે. આ બધાથી આપણો સ્વાભાવિક સંબંધ રહે છે, પરંતુ જ્યારે આવું સામૂહિક જીવન હોય છે ત્યારે મારી સામે એક લઘુ ભારત બેઠેલું હોય છે. દેશના દરેક ખૂણેથી આવેલા નવયુવાન બેઠેલા હોય છે. અલગ-અલગ માતૃભાષા ધરાવતા નવયુવાન બેઠેલા હોય છે ત્યારે હું તમને વધુ એક આગ્રહ કરું છું કે તમે માતૃભાષા તો જાણો છો, તમે હિંદી જાણો છો, અંગ્રેજી જાણો છો, તમે પોતાના કોઈ એક સાથી પાસેથી ભારતની કોઈ એક ભાષાને જરૂરથી આત્મસાત્ કરો, શીખો. તમે જુઓ કે તે તમારી સૌથી મોટી તાકાત બની જશે. તમે જરૂરથી જોઈ શકશો કે આ બાબત તમારામાં એક નવી ઊર્જાનો સંચાર કરશે.

## જ્યાં સુધી તમે છો ત્યાં સુધી દેશની દિવાળી આ રીતે રોશન થતી રહેશે

સાથીઓ, જ્યાં સુધી તમે છો, તમારો આ ઉત્સાહ છે, તમારો આ ત્યાગ અને તપસ્યા છે ત્યાં સુધી ૧૩૦ કરોડ ભારતવાસીઓના આત્મવિશ્વાસને કોઈ ડગાવી શકશે નહીં. જ્યાં સુધી તમે છો ત્યાં સુધી દેશની દિવાળી આ રીતે રોશન થતી રહેશે. લોન્ગેવાલાની આ પરાક્રમી ભૂમિ પરથી, વીરતા અને સાહસની ભૂમિ પરથી, ત્યાગ અને તપસ્યાની ભૂમિ પરથી ફરી એક વખત હું આપ સૌને અને દેશવાસીઓને પણ દિવાળીની ખૂબ-ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. મારી સાથે, પૂરી તાકાતથી, બંને મુઠ્ઠી ઉપર કરીને બોલો, ભારત માતાની જય, ભારત માતાની જય, ભારત માતાની જય.

ખૂબ-ખૂબ ધન્યવાદ !





# એકવીસમી સદીની યુવાપેઢી પૂર્વગ્રહમુક્ત થઈ ક્લીન સ્લેટ-ક્લીન હાર્ટ સાથે ભારત માતાની વૈશ્વિક અગ્રેસરતામાં યોગદાન આપે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના આઠમા પદવીદાન સમારોહમાં ૨૧મી સદીની યુવાશક્તિને પૂર્વગ્રહમુક્ત થઈને ક્લિન સ્લેટ અને ક્લિન હાર્ટ સાથે ભારત માતાની વૈશ્વિક અગ્રેસરતા માટે યોગદાન આપવા આહ્‌વાન કર્યું હતું.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, કાંઈ બદલાશે જ નહિ એવી માનસિકતા કે પૂર્વગ્રહથી બહાર આવીને નિયમિતપણે બદલાવ માટેના નિરંતર-સસ્ટેઈનેબલ પ્રયાસથી લાંબા ગાળાની પરિણામદાયી કેપેસિટી બિલ્ડિંગ-ક્ષમતા નિર્માણ થઈ શકે છે.

આગામી પાંચ વર્ષમાં ઓઈલ રિફાઈનિંગ ક્ષમતા બમણી કરવા પર કામ ચાલી રહ્યું છે, ઊર્જા-સુરક્ષા સાથે સંબંધિત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવામાં આવી છે તથા વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો માટે ફંડ ઊભું કરવામાં આવ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.


તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૧૯૨૨થી વર્ષ ૧૯૪૭ સુધી દેશની આઝાદી કાજે અનેક યુવાનોએ સર્વસ્વનો ત્યાગ કર્યો હતો. તેમણે આજની પેઢીના વિદ્યાર્થીઓને દેશ માટે જીવવા અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સામેલ થવા તેમજ જવાબદારીની ભાવના વિકસાવવાની અપીલ પણ કરી હતી.

વડાપ્રધાનશ્રીએ તેજતરાર્ર યુવાપેઢીથી જ સક્ષમ-સબળ રાષ્ટ્રનિર્માણ થઈ શકે તેની ભૂમિકા આપતાં કહ્યું કે, દેશની આઝાદીનાં ૭૫ વર્ષ ૨૦૨૨માં થશે ત્યારે આ યુવાપેઢી પણ ભાગ્યશાળી છે કે તેના જીવનના ૨૫ વર્ષ એ વર્ષની આસપાસમાં પૂર્ણ થશે.

પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે સફળતાનાં બીજ જવાબદારીની ભાવનામાં રહેલાં હોય છે અને જવાબદારીની ભાવના જીવનનો ઉદ્દેશ બની જવો જોઈએ. તેમણે ધ્યાન દોર્યું હતું કે જે લોકો જવાબદારીની ભાવના સાથે કશું કરે છે, તેમને જીવનમાં સફળતા મળે છે. જે લોકોને નિષ્ફળતા મળે છે, તેઓ કામને બોજ માનીને જીવે છે. તેમણે ઉમેર્યું હતું કે જવાબદારીની ભાવના વ્યક્તિના જીવનમાં તકો ઝડપવા માટે સૂઝ પેદા કરે છે. તેમણે પ્રકૃતિ અને પર્યાવરણનું રક્ષણ કરવા પર પણ ભાર મૂક્યો હતો.

પ્રધાનમંત્રીએ વર્તમાન પેઢીને, ૨૧મી સદીની યુવા પેઢીને કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વિના (ક્લીન સ્લેટ) સાથે આગળ વધવા અપીલ કરી હતી. ક્લીન સ્લેટ અને ક્લીન હાર્ટ (પૂર્વગ્રહમુક્ત અને સ્વચ્છ હૃદય) એટલે સ્પષ્ટ ઈરાદા અનેક નિયત એમ તેમણે ઉમેર્યુ હતું.

●



## કોરોનાગ્રસ્ત અર્થતંત્રને બેઠું કરવા નવી રોજગાર યોજના, આવકવેરામાં રાહત, ખેડૂતોને સબસિડી





# આત્મનિર્ભર ભારત ૩.૦ શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારનું રૂ. ૨.૬૫ લાખ કરોડનું પેકેજ

કોરોના મહામારીના કારણે સંકટનો સામનો કરી રહેલા અર્થતંત્રને બેઠું કરવા કેન્દ્ર સરકાર દ્વારા આત્મનિર્ભર ભારત યોજના અંતર્ગત ત્રીજા પેકેજની ઘોષણા કરાઈ હતી. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, આત્મનિર્ભર ભારત ૩.૦ અંતર્ગત જાહેર કરાયેલી ૧૨ યોજના માટે રૂપિયા ૨.૬૫ લાખ કરોડનું પેકેજ આપવામાં આવશે. જે દેશના કુલ જીડીપીના ૧૫ ટકા જેટલું થવા જાય છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને આત્મનિર્ભર ભારત ૩.૦ અંતર્ગત દેશમાં નોકરી અને રોજગાર વધારવા માટે નવી આત્મનિર્ભર ભારત રોજગાર યોજનાની જાહેરાત કરી હતી. ૧ ઓક્ટોબર ૨૦૨૦ની પાછલી અસરથી અમલમાં મુકાયેલી આ યોજનામાં ઈપીએફઓ સાથે સંકળાયેલી દરેક સંસ્થા ઈપીએફના લાભ સાથે નવા કર્મચારી નિયુક્ત કરશે. તેમને આ યોજનાનાં આગામી બે વર્ષ સુધી લાભ અપાશે. તે ઉપરાંત ૧ માર્ચથી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ વચ્ચે નોકરી ગુમાવનાર કર્મચારીઓને પણ આ યોજનામાં આવરી લેવાયા છે.

સરકારે પીએમ ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત વધારાના રૂપિયા ૧૦,૦૦૦ કરોડની ફાળવણી કરી છે, જેનો ઉપયોગ મનરેગા અને પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજનામાં કરાશે. સરકારે ખેડૂતોને રૂપિયા ૬૫,૦૦૦ કરોડની ખાતર સબસિડી આપવાની પણ જાહેરાત કરી છે. શહેરી ગરીબોને ઘરનું ઘર પૂરું પાડવા પીએમ આવાસ યોજના અંતર્ગત વધારાના રૂપિયા ૧૮,૦૦૦ કરોડની ફાળવણી કરાઈ છે જેના કારણે ૧૨ લાખ મકાનનાં કામ શરૂ કરી શકાશે અને ૧૮ લાખ મકાનોનું નિર્માણ પૂરું થશે. કન્સ્ટ્રક્શન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપવા સરકારી ટેન્ડરોમાં અર્નેસ્ટ મની ડિપોઝિટ અને પર્ફોર્મન્સ સિક્યુરિટીમાં છૂટછાટ અપાઈ છે.

ટેન્ડર માટે ઈએમડીની જરૂર રહેશે નહીં. રેસિડેન્સિયલ રીઅલ એસ્ટેટ સેક્ટરમાં માગ વધારવા ડેવલપર્સ અને ઘર ખરીદનારા માટે આવકવેરામાં રાહતની પણ જાહેરાત સરકાર દ્વારા કરાઈ છે. સરકાર ઈન્ફ્રા ડેબ્ટ ફાઈનાન્સિંગ માટે રૂપિયા ૧.૧૦ લાખ કરોડનું પ્લેટફોર્મ તૈયાર કરી રહી છે. જેમાં NIIF ડેબ્ટ પ્લેટફોર્મમાં રૂપિયા ૬,૦૦૦ કરોડની ઈક્વિટી પૂરી પાડશે.

કેન્દ્ર સરકારે ઈમર્જન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ (ECLGS) ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી લંબાવી દીધી છે. તે ઉપરાંત ECLGS ૨.૦ અંતર્ગત ક્રેડિટનો સમયગાળો પાંચ વર્ષનો રહેશે, જેમાં પ્રિન્સિપલ રિપેમેન્ટ પર એક વર્ષના મોરેટોરિયમનો સમાવેશ કરાયો છે. સરકારે EXIM બેન્કને લાઈન ઓફ ક્રેડિટના માધ્યમથી નિકાસના પ્રોજેક્ટોને પ્રોત્સાહન આપવા રૂપિયા ૩૦૦૦ કરોડ આપવાનો નિર્ણય કર્યો છે.

સરકારે કેપિટલ અને ઈન્ડસ્ટ્રીયલ ખર્ચ માટે રૂપિયા ૧૦,૨૦૦ કરોડની વધારાની અંદાજપત્રીય ફાળવણીનો નિર્ણય કર્યો છે. તે ઉપરાંત મેન્યુફેક્ચરિંગ સેક્ટરને વેગ આપવા માટે ૧૦ સેક્ટર માટે પ્રોડક્શન સાથે સંકળાયેલ રૂપિયા ૧.૪૬ લાખ કરોડનું પેકેજ જાહેર કરી દીધું છે. કેન્દ્ર સરકારે કોરોના સંક્રમણને અટકાવવા ભારતીય રસીના સંશોધન અને વિકાસ માટે કોવિડ સુરક્ષા મિશન અંતર્ગત રૂપિયા ૯૦૦ કરોડની ફાળવણી કરી છે.

### આત્મનિર્ભર ભારત રોજગાર યોજના

- ૧ ઓક્ટોબર ૨૦૨૦ની પાછલી અસરથી અમલ, ૩૦ જૂન ૨૦૨૧ સુધી આ યોજના માન્ય ગણાશે.
- EPFO સાથે સંલગ્ન સંસ્થાનોને માસિક રૂ. ૧૫,૦૦૦ સુધીનો પગાર ધરાવતા નવા કર્મચારીઓની નિયુક્તિ માટે સબસિડી.
- ૧ માર્ચ અને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ વચ્ચે નોકરી ગુમાવનાર કર્મચારીઓને બે વર્ષ સુધી આ યોજનાનો લાભ.



- EPFO સાથે સંકળાયેલ ૫૦થી ઓછા કર્મચારી ધરાવતી સંસ્થાએ લઘુતમ ૨ અને ૫૦થી વધુ કર્મી ધરાવતી સંસ્થાએ લઘુતમ ૫ નવા કર્મચારી નિયુક્ત કરવા પડશે.
- ૧૦૦૦થી ઓછા કર્મચારી ધરાવતી કંપનીના ૨૪ ટકા ઈપીએફ યોગદાનનો બોજ કેન્દ્ર ઉઠાવશે.
- ૧૦૦૦થી વધુ કર્મચારી ધરાવતી કંપનીના કર્મચારીના ૧૨ ટકા ઈપીએફ યોગદાનનો બોજ કેન્દ્ર ઉઠાવશે.

**હોમબાયર્સ-ડેવલપર્સને આવકવેરામાં રાહત**

- ૩૦ જૂન ૨૦૨૧ સુધી સર્કલ રેટ અને એગ્રિમેન્ટ વેલ્યુના તફાવત પર અપાતી ૧૦ ટકા રાહત વધારીને ૨૦ ટકા.
- મકાનના ફક્ત પ્રાઈમરી વેચાણ પર જ યોજનાનો લાભ.
- રૂપિયા બે કરોડ સુધીની કિંમત ધરાવતા રહેણાંક મકાન પર લાભ.
- આવકવેરા કાયદામાં જરૂરી સુધારો સરકાર કરશે.
- આવકવેરા કાયદાની ધારા ૪૩સીએ સર્કલ રેટ અને સેલ એગ્રિમેન્ટ વેલ્યુ વચ્ચેના ૧૦ ટકા તફાવતને પરવાનગી આપે છે.

**ગ્રામીણ અર્થતંત્રના વિકાસ માટે**

- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ રોજગાર યોજના અંતર્ગત વધારાના રૂ. ૧૦,૦૦૦ કરોડની ફાળવણી.
- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ રોજગાર યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૧૧૬ જિલ્લામાં રૂપિયા ૫૭,૫૪૩ કરોડનો ખર્ચ કરાયો.
- મનરેગા માટેની ફાળવણી રૂપિયા ૧ લાખ કરોડને પાર કરી ગઈ.

**ખેડૂતોને ખાતર સબસિડી**

- ખેડૂતોને પૂરતું ખાતર મળી રહે તે માટે રૂ. ૬૫,૦૦૦ કરોડની ખાતર સબસિડી અપાશે.

**ઈમર્જન્સી ક્રેડિટ લાઇન ગેરંટી સ્કીમ**

- રૂ. ૩ લાખ કરોડની ECLGS ૧.૦ ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી લંબાવાઈ, ECLGS ૨.૦ની સમયમર્યદા પાંચ વર્ષની રહેશે.
- રૂપિયા ૨૫૦ કરોડ સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી અને રૂ. ૫૦ કરોડ સુધીની લોન બાકી હશે તેવી કંપનીઓને ૨૦ ટકા વધારાની ક્રેડિટ અપાશે.
- MSMEs બિઝનેસ સંસ્થાઓ, વ્યક્તિગત લોનધારકો, MUDRAના લોનધારકોને લાભ અપાશે.

**PLI સ્કીમનો લાભ વધુ ૧૦ સેક્ટરને અપાશે**

- PLI સ્કીમનો લાભ વધુ ૧૦ સેક્ટરને અપાશે.
- કુલ રૂપિયા ૧.૪૬ લાખ કરોડની ફાળવણી.

**પીએમ આવાસ યોજના - શહેરી**

- પીએમ આવાસ યોજના-શહેરીમાં રૂ. ૧૮,૦૦૦ કરોડની ફાળવણી.
- ૧૨ લાખ મકાનોનું નિર્માણ શરૂ અને ૧૮ લાખ મકાનનું નિર્માણ પૂરું કરાશે.
- ૭૮ લાખ નવા રોજગારનું નિર્માણ થશે.

**સરકારી ટેન્ડરોમાં કોન્ટ્રાક્ટરોને રાહત**

- સરકારી ટેન્ડરોમાં અર્નેસ્ટ મની ડિપોઝિટ અને પર્ફોર્મન્સ સિક્યુરિટીમાં છૂટછાટ.
- કોન્ટ્રાક્ટ માટેની પાંચથી ૧૦ ટકાની પર્ફોર્મન્સ સિક્યુરિટી ઘટાડીને ૩ ટકા કરાઈ.
- ટેન્ડર માટે ઈએમડી ચૂકવવાની નહીં રહે. બીડ સિક્યુરિટી ડેકલેરેશન આપવાનું રહેશે.

**કોરોનાની રસીના સંશોધન માટે ભંડોળ**

- કોરોના રસીના સંશોધન માટે ડિપાર્ટમેન્ટ ઓફ બાયો-ટેક્નોલોજીને રૂપિયા ૯૦૦ કરોડની ગ્રાન્ટ

**ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેબ્ટ ફાઇનાન્સિંગ**

- રૂપિયા ૧.૧૦ લાખ કરોડના NIIF સ્ટ્રેટેજિક ઓપોર્ચ્યુનિટી ફંડની રચના.
- આ ફંડની લોન બુક રૂપિયા ૮૦૦૦ કરોડની રહેશે. ડીલ પાઈપલાઈન રૂપિયા ૧૦,૦૦૦ કરોડ.
- માર્કેટમાંથી પ્રોજેક્ટ બોન્ડ સહિત રૂપિયા ૯૫,૦૦૦ કરોડ ઊભા કરશે.

**કેપિટલ એન્ડ ઇન્ડસ્ટ્રીયલ સ્ટિમ્યુલસ**


- કેપિટલ અને ઈન્ડસ્ટ્રીયલ ખર્ચ માટે રૂ. ૧૦,૨૦૦ કરોડની વધારાની ફાળવણી.
- ઘરેલુ સંરક્ષણ ઉત્પાદન, ઔદ્યોગિક રાહતો, અને ગ્રીન એનર્જીને આવરી લેશે.

**પ્રોજેક્ટ એક્સપોર્ટ માટે પ્રોત્સાહન**

- પ્રોજેક્ટ એક્સપોર્ટના પ્રમોશન માટે એક્ઝિમ બેન્કને રૂ. ૩૦૦૦ કરોડની ફાળવણી.

•

હેમત ગોહિલ



## ૨૬ નવેમ્બર : બંધારણ દિન

# બંધારણના પાયારૂપ સિદ્ધાંતોને ધરાશાયી કરવાનું મહાપાપ કોંગ્રેસે આચર્યું છે

આઝાદી બાદ દેશમાં લગભગ પાંચ દાયકા સુધી કોંગ્રેસનું શાસન રહ્યું છે. આ શાસનકાળ દરમિયાન કોંગ્રેસે ભારતના પવિત્ર બંધારણના પાયારૂપ સિદ્ધાંતોની ખૂબ અવહેલના કરી છે, તેને ધરાશાયી કરવાનું મહાપાપ કોંગ્રેસે આચર્યું છે.

### શ્રેષ્ઠ બંધારણ

ભારતને આઝાદી મળી તે પહેલા સન ૧૯૪૬થી જ દેશના બંધારણની રચના કરવાની પૂર્વતૈયારી થઈ ચૂકી હતી. તે સમયે દેશના શ્રેષ્ઠ વ્યક્તિઓની નિમણૂકો બંધારણ સભાના સભ્ય તરીકે કરવામાં આવી હતી. ખૂબ મનોમંથનને અંતે શ્રેષ્ઠ લોકતંત્ર ધરાવતા ભારત દેશનું વિશાળ બંધારણ ઘડી કાઢવામાં આવ્યું. ડો. આંબેડકરની આગેવાની હેઠળની રચાયેલી બંધારણ સભાએ ત્રણ વર્ષની મહેનતના અંતે રચાયેલ બંધારણને ૨૬ નવેમ્બર ૧૯૪૯ના દિને સુપરત કર્યું. તેનો અમલ ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦થી કરવામાં આવ્યો.

આપણા બંધારણનો આરંભ ‘‘આમુખ’’થી થાય છે. આમુખના આરંભમાં જ ‘‘વીથ પીપલ ઓફ ઈન્ડિયા’’ એવા શબ્દસમૂહથી થાય છે.

આમુખમાં આપણા રાજ્યશાસનના પાયારૂપ સિદ્ધાંતોનો અને જે ધ્યેયો આપણે સિદ્ધ કરવાના છે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આપણે એક લોકશાહી, બિનસાંપ્રદાયિક અને પ્રજાસત્તાક દેશ છીએ, એનો સ્પષ્ટ ઉલ્લેખ આમુખમાં કરવામાં આવ્યો છે. બંધારણની પહેલી કલમમાં આપણે એક ‘‘સંઘરાજ્ય’’ (સમવાયી રાજ્ય) છીએ, એની પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. આમ, આપણા રાજ્ય શાસનના ચાર પાયારૂપ સિદ્ધાંતો લોકશાહી, પ્રજાસત્તાક, બિનસાંપ્રદાયિકતા અને સંઘરાજ્ય સ્વીકારવામાં આવ્યાં છે.

### નહેરુને બંધારણ વિદેશીના હાથે બનાવવું હતું

તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુ હંમેશા વિદેશી વિચારો અને વિદેશી સભ્યતાથી પ્રભાવિત રહ્યા છે. પશ્ચિમી સંસ્કૃતિ અને રહેણીકરણીને અનુસરવાવાળા નહેરુને ભારતનું બંધારણ પણ વિદેશી નાગરીકના હાથે ઘડાવવું હતું. નહેરુએ ભારતનું બંધારણ ઘડવાનું કામ ફ્રાન્સના જૈનિન નામના બંધારણ વિશારદને સોંપવાનું વિચારેલ. નહેરુએ જેનિનના નામનો પ્રસ્તાવ મૂકતાં મહાત્મા ગાંધી તથા સૌ કોઈએ તેનો વિરોધ કરતાં કહ્યું, દુનિયા શું કહેશે ? આવડા મોટા દેશમાં બંધારણ ઘડવા સારા નિષ્ણાતો નથી ?

### લોકશાહીની હત્યા કોંગ્રેસ દ્વારા કટોકટી

લોકશાહી એટલે ‘‘લોકોનું, લોકો દ્વારા અને લોકો માટેનું શાસન’’. બીજા શબ્દોમાં લોકોની ઈચ્છાને આધારે ચાલતું અને લોકોને જવાબદાર હોય એવું શાસન’’ તે લોકશાહી.

લોકશાહીનું બીજું મહત્ત્વનું પાસું છે, લોકોની સ્વતંત્રતા. વિચાર, વાણી, અભિવ્યક્તિ અને પોતાની ઈચ્છા મુજબનો ધર્મ પાળવાની સ્વતંત્રતા પ્રત્યેક નાગરિકને મળે છે. અખબારી સ્વાતંત્ર્ય એ લોકશાહીનું મહત્ત્વનું અંગ છે. લોકશાહી એક શાસનપદ્ધતિ ઉપરાંત સારું, સંસ્કારી જીવન જીવવાની એક રીત પણ છે.

આવી સુંદર લોકશાહીનું એકવાર ગળું ઘોટી દેનાર બીજું કોઈ નહીં પણ કોંગ્રેસ જ છે. કોંગ્રેસે લોકશાહીનું ચીરહરણ કરેલ છે.

૨૫મી જૂન, ૧૯૭૫ના રોજ શ્રીમતી ઈન્દિરા ગાંધી દ્વારા કોઈપણ જાતના કારણ વગર, માત્ર પોતાની સત્તા બચાવવા દેશમાં કટોકટી લાદી દેવાઈ હતી. વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા અને સત્તા માટે કોંગ્રેસનાં શ્રીમતી ઈન્દિરા ગાંધીએ લોકશાહીને ગળે ટૂંપો દઈ દીધો હતો. ભારતનાં ચિરંતન મૂલ્યો સામે પડકાર ઊભો થતાં દેશ હચમચી ગયો હતો.

અગાઉના બ્રિટિશકાળની બાહ્ય ગુલામી કરતાં આ આંતરિક ગુલામી વધુ ગૂંગળાવનારી બની રહી હતી. લોકોના મૂળભૂત અધિકારો મિટાવી દેવાયા, અખબારોની સ્વતંત્રતાને ગળાચીપ દેવાઈ, અદાલતોને નિર્વીર્ય બનાવી દેવાઈ, સંસદને પાંગળું બનાવી દેવાયું, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર પ્રતિબંધ લાદી દેવાયો, મૂલ્યનિષ્ઠ વિપક્ષી રાજનેતાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા, ૬૦ કરોડના આઝાદ રાષ્ટ્રને રાતોરાત ગુલામીમાં ધકેલી દેવાનું ‘‘મહાપાપ’’ આ કોંગ્રેસ સરકારે કર્યું હતું.



## પ્રજાસત્તાક દેશમાં કોંગ્રેસનો વંશવાદ

ભારત એક પ્રજાસત્તાક અથવા ગણતંત્ર છે. એનો અર્થ એ છે કે ભારતમાં કોઈ વ્યક્તિ કે કુટુંબનું વંશપરંપરાગત શાસન ચાલતું નથી. રાજ્યની અંતિમ સત્તા ભારતના સમસ્ત લોકોમાં રહી છે.

બધા લોકશાહી દેશો પ્રજાસત્તાક રાજ્ય હોય એવું નથી. દા.ત. યુનાઈટેડ કિંગ્ડમમાં લોકશાહી છે, પણ એ પ્રજાસત્તાક નથી. રાજ્યની અંતિમ સત્તાના ધારક ત્યાંના રાજા અથવા રાણી છે. રાજવી કુટુંબમાં જન્મ થયો હોય એ જ વ્યક્તિ ત્યાં રાજા કે રાણીનો હોદ્દો ધારણ કરી શકે છે. ત્યાં એ વારસાગત અથવા વંશપરંપરાગત અને આજીવન છે. પ્રજાસત્તાકનો એક બીજા અર્થ છે ભારતના બંધારણ હેઠળ દેશના સર્વોચ્ચ વડા ભારતના રાષ્ટ્રપ્રમુખ - લોકો દ્વારા પરોક્ષ પદ્ધતિએ નિશ્ચિત સમય માટે ચૂંટાય છે. રાષ્ટ્રપ્રમુખનો હોદ્દો વંશપરંપરાગત નથી. ભારતનો કોઈપણ નાગરિક બંધારણે નક્કી કરેલા નિયમો અને લાયકાત ધરાવતો હોય તો તે, રાષ્ટ્રપ્રમુખના હોદ્દા માટે ચૂંટણીમાં ઊભો રહી શકે છે.

પ્રજાસત્તાકવાદનો નિયમ કેવળ દેશના સર્વોચ્ચ પદ - રાષ્ટ્રપ્રમુખને લાગુ પડે છે એવું નથી, દેશના બધા જ જાહેર હોદ્દાઓ - વડાપ્રધાન, મુખ્ય પ્રધાન, અન્ય પ્રધાનો, સંસદસભ્યથી લઈને નગરપાલિકાના સભ્ય સુધી સૌને આ નિયમ લાગુ પડે છે.

ભારતના બંધારણના પ્રજાસત્તાકવાદના આ પવિત્ર સિદ્ધાંતને કોંગ્રેસ કેવી રીતે અમલમાં મૂક્યું છે? વંશપરંપરાગત શાસનને બદલે લોકશાહી ઢબે ચૂંટાયેલ, લોકોની ઈચ્છાનુસાર વડાની નિમણૂક શાસનમાં કરવી જોઈએ, પરંતુ કોંગ્રેસે નૈતિકતાનાં ધોરણોને નેવે મૂકી વંશપરંપરાગત ધોરણોને અપનાવી દેશ પર નહેરુ - ગાંધી પરિવારવાદનું સામ્રાજ્ય સ્થાપી દીધું છે, કોંગ્રેસે આઝાદી બાદના પ્રજાસત્તાકવાદને બદલે પરિવારવાદને વધારે પ્રોત્સાહન આપ્યું છે.

સરદાર વલ્લભભાઈ પટેલ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પદના હક્કદાર હોવા છતાં રાષ્ટ્રના હિતમાં તેઓએ આ પદ પર બેસવાનો મોહ ન રાખ્યો. ગાંધીજીની ઈચ્છા અને આગ્રહને શિરોમાન્ય ધરી તેઓએ જવાહરલાલ નહેરુ માટે પ્રધાનમંત્રી પદ માટે સાનુકૂળતા કરી આપી.

જેમ નહેરુએ પ્રધાનમંત્રી પદનો હક્ક સરદાર પટેલ પાસેથી છીનવ્યો હતો તેવી રીતે નહેરુની પુત્રી ઈન્દિરા ગાંધીએ પણ અનેક પ્રકારના કાવાદાવા કરી મોરારજીભાઈ દેસાઈ હક્કદાર અને લાયક હોવા છતાં પ્રધાનમંત્રીનું પદ છીનવ્યું હતું. શ્રીમતી ઈન્દિરા ગાંધીની હત્યાના કારણે ખાલી પડેલ પ્રધાનમંત્રીની ગાદી ઉપર કોંગ્રેસના કોઈ અનુભવી અને સિનિયર નેતાની પસંદગી કરવાને બદલે શ્રીમતી ઈન્દિરા ગાંધીના પુત્ર રાજીવ ગાંધીના માથે આ વિશાળ દેશની જવાબદારી નાંખી દેવામાં આવી. આમ, ફરી સત્તાવાર પ્રજાસત્તાક ભારત દેશના વડાપ્રધાન પદે વારસાઈ શાસન ચાલુ રહ્યું.

## કોંગ્રેસની સાંપ્રદાયિકતા - મત માટે તુષ્ટીકરણ

આપણા બંધારણ પ્રમાણે આપણો દેશ એક બિનસાંપ્રદાયિક દેશ છે. આપણી સરકાર ધર્મના નામે કોઈ ભેદભાવ રાખશે નહિ. કોઈ ધર્મ પ્રત્યે પક્ષપાત કરી શકશે નહિ. રાજ્યનું શાસન કોઈ સંપ્રદાયની માન્યતાઓને આધારે ચાલતું ન હોય, રાજ્યના કાયદા કોઈ સંપ્રદાયના સિદ્ધાંતોને આધારે ઘડવામાં આવતા ન હોય, રાજ્ય સંપ્રદાયને આધારે એક નાગરિક અને બીજા નાગરિક વચ્ચે ભેદભાવ રાખતું ન હોય કે પક્ષપાત બતાવતું ન હોય. રાજ્યે સર્વધર્મ સમભાવ રાખવો જોઈએ.

આઝાદી બાદ તુરત જ કોંગ્રેસે બંધારણના આ બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતનો છેદ ઉડાડી દીધો છે. મતબેંકની રાજનીતિને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે તુરત જ મુસ્લિમ તુષ્ટીકરણની નીતિ અમલમાં મૂકી દઈ, ઢોંગી બિનસાંપ્રદાયિકતાની પોતાની માનસિકતા છતી કરી દીધી છે.

૧૯૫૯માં જવાહરલાલ નહેરુએ મુસ્લિમોને ખુશ કરવા હજ સબસિડીની શરૂઆત કરી. મુસલમાન ભાઈઓને હજ પઢવા માટે સબસિડી આપે તેની સામે વાંધો નથી, પણ બંધારણની સર્વધર્મ સમભાવની ભાવના અનુસાર બહુમતી હિન્દુ પ્રજાના લોકોને પણ અમરનાથ યાત્રા માટે સબસિડી જાહેર કરવી જોઈએ ને? કોંગ્રેસ અને નહેરુએ અહીં બંધારણની ભાવનાઓનું સન્માન કેમ ન કર્યું ? જાન્યુઆરી ૨૦૧૮માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હજયાત્રા માટેની સબસિડી બંધ કરી, આ નાણાંનો ઉપયોગ યુવતીઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે કરવામાં આવશે. આ નિર્ણયને દેશભરના મુસલમાનોએ આવકાર્યો છે. રાજીવ ગાંધીએ પણ મુસ્લિમ તુષ્ટીકરણને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખ્યું. સુપ્રીમ કોર્ટે શાહબાનો કેસમાં જે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો તે ચુકાદાને રાજીવ ગાંધીએ બહુમતીના જોરે કાયદામાં જ પરિવર્તન કરી બદલાવી નાંખ્યો.

●

# ભાજપા પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલ દ્વારા જિલ્લા/મહાનગરના ભાજપા સંગઠનના નિવનિયુક્ત પ્રમુખશ્રીઓ

| ક્રમ. | જિલ્લો/મહાનગર | પ્રમુખશ્રીનું નામ |
|---|---|---|
| ૧. | ડાંગ | શ્રી દશરથભાઈ પવાર |
| ૨. | વલસાડ | શ્રી હેમંતભાઈ કંસારા |
| ૩. | નવસારી | શ્રી ભુરાભાઈ શાહ |
| ૪. | સુરત શહેર | શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા |
| ૫. | સુરત જિ. | શ્રી સંદિપભાઈ દેસાઈ |
| ૬. | તાપી | શ્રી ડૉ. જયરામભાઈ ગામીત |
| ૭. | ભરૂચ | શ્રી મારૂતિસિંહ અટોદરીયા |
| ૮. | નર્મદા | શ્રી ઘનશ્યામભાઈ પટેલ |
| ૯. | વડોદરા શહેર | શ્રી ડૉ. વિજયભાઈ શાહ |
| ૧૦. | વડોદરા જિ. | શ્રી અશ્વિનભાઈ પટેલ (કોયલી) |
| ૧૧. | છોટા ઉદેપુર | શ્રી રશ્મીકાંતભાઈ વસાવા |
| ૧૨. | પંચમહાલ | શ્રી અશ્વિનભાઈ પટેલ |
| ૧૩. | મહીસાગર | શ્રી દશરથભાઈ બારીયા |
| ૧૪. | દાહોદ | શ્રી શંકરભાઈ અમલીયાર |
| ૧૫. | આણંદ | શ્રી વિપુલભાઈ પટેલ (સોજિત્રા) |
| ૧૬. | ખેડા | શ્રી અર્જુનસિંહ ચૌહાણ |
| ૧૭. | અમદાવાદ જિ. | શ્રી હર્ષદગીરી ગોસાઈ |
| ૧૮. | ગાંધીનગર શહેર | શ્રી રૂચિરભાઈ ભટ્ટ |
| ૧૯. | સાબરકાંઠા | શ્રી જે. ડી. પટેલ |
| ૨૦. | અરવલ્લી | શ્રી રાજેન્દ્રભાઈ પટેલ (ચૌધરી) |

| ક્રમ. | જિલ્લો/મહાનગર | પ્રમુખશ્રીનું નામ |
|---|---|---|
| ૨૧. | મહેસાણા | શ્રી જશુભાઈ પટેલ (ઉમતાવાળા) |
| ૨૨. | પાટણ | શ્રી દશરથજી ઠાકોર |
| ૨૩. | બનાસકાંઠા | શ્રી ગુમાનસિંહ ચૌહાણ |
| ૨૪. | કચ્છ | શ્રી કેશુભાઈ પટેલ |
| ૨૫. | જામનગર શહેર | શ્રી વિમલભાઈ કગથરા |
| ૨૬. | જામનગર જિ. | શ્રી રમેશભાઈ મુંગરા |
| ૨૭. | દેવભૂમિ દ્વારકા | શ્રી ખીમભાઈ જોગલ (આહીર) |
| ૨૮. | રાજકોટ શહેર | શ્રી કમલેશભાઈ મીરાણી |
| ૨૯. | રાજકોટ જિ. | શ્રી મનસુખભાઈ ખાચરીયા |
| ૩૦. | મોરબી | શ્રી દુર્લભજી દેથરીયા |
| ૩૧. | જુનાગઢ શહેર | શ્રી પુનિતભાઈ શર્મા |
| ૩૨. | જુનાગઢ જિ. | શ્રી કિરીટભાઈ પટેલ |
| ૩૩. | ગીર સોમનાથ | શ્રી માનસિંહ પરમાર |
| ૩૪. | પોરબંદર | શ્રી કિરીટભાઈ મોઢવાડીયા |
| ૩૫. | અમરેલી | શ્રી કૌશિકભાઈ વેકરીયા |
| ૩૬. | ભાવનગર શહેર | શ્રી રાજીવભાઈ પંડ્યા |
| ૩૭. | ભાવનગર જિ. | શ્રી મુકેશભાઈ લંગાળીયા |
| ૩૮. | બોટાદ | શ્રી ભીખુભાઈ વાઘેલા |
| ૩૯. | સુરેન્દ્રનગર | શ્રી જગદીશભાઈ દલવાડી |

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

# ગુજરાતની આઠ વિધાનસભાની પેટાચૂંટણીમાં આઠે-આઠ બેઠક પર ભાજપાનો વિજયોત્સવ




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.